૫૨૩૯

श्री गणेश.

ગીતી.

ીયળવ્રતથી નારી, મંત્ર જંત્ર શસ્ત્રોના ભય ટાળે;
તી આપને મીથ્યા, કરવા સમર્થ કો નહી આ કાળે.
ને વૃંદા છળવાથી, શ્રીપતી સમ શીર આપ પડયો ભારી;
નુષ્ય કોણુજ માત્ર, સર્પ વીષ સમ સત્ય લહો ધારી.

वैष्णव रसिक.

વૃંદા.

રચનાર
પુરૂષોતમ મોરારજી ભટ
કુણાવાડા.

અમદાવાદ—વિશ્વેશ્વર પ્રેસ.

સંવત ૧૯૪૯—સને ૧૮૯૩ કીંમત ૦—૨—૬

अर्पण पत्रिका.

મુરબ્બી મેહેરબાન નેક નામદાર પ્રૌઢ પ્રતાપી શ્રી ઠાકોર સાહેબ શ્રી કીશોરસિંહજી લક્ષ્મણસિંહજી સાહેબ બહાદુર.

મુ. શુ. લુણાવાડા.

મનહર છંદ.

ક્ષત્રીકુળ ક્ષત્રીવરે દીપાવીને રૂડા યશે.
મેળવ્યા છે પ્રજા પ્રેમ અત્યુત્તમ સુખદાઇ;
સખાવત ઉદારતા પ્રેમ કેરી રીતી જાણી.
નેક ટેક ધારી હોંશ સુવિચારે સ્નેહે રહાઇ.
અસત્ય અરીનું આપે નીરમૂળ કીધું ખાંતે,
ઉદાર કીર્તિથી ગુણ રહ્યા જગમાં ગવાઇ;
કીશોર વયમાં નામ અમર કિશોરસિંહે,
કરી કિર્તિ ધ્વજા જુઓ રહી આકાશે ફરકાઇ. ૧
આભાર શસ્ત્રોને ગ્રહી વીવેક ધનુષ વડે,
તાકી તાકી વેરીઓને વેણુ વડે મારશો;
નીતી રીતે ક્ષત્રીવટે ટેક ધરી શુભ કર્મે,
આગળ પાછળ કેરા ઇકોતેર તારશો.
એક ન અનેક આપી ઉદારતા કેરા કામે,
કિર્તિ સ્થંભ ચણી રૂડી હોંશ મન ધારશો;
ગુણ ગ્રાહી હંસ બની અત્યુત્તમ પ્રીતી થકી,
અર્પણ પત્રીકા ગુણી ગ્રંથ આ સ્વીકારશો. ૨

લી० સેવક.

પુરૂષોતમ મોરારજી ભટ.

કર્તા,

પ્રસ્તાવના.

સુજ્ઞ બંધુઓ—

આ લઘુ ગ્રંથમાં આખી જાળધરની કથાનો સમાવેશ થાય છે. ફક્ત જાળધર કોણ, કયાં. ને શી રીતે ઉત્પન્ન થયો તે હકીકત નથી તેની હકીકત નીચે મુજબ છે.

ઈંદ્રને ઈંદ્રાસન મળવાથી અભીમાન થાય છે. અને શ્રી માહાદેવ પાસે યુદ્ધની માગણી કરે છે. શ્રી માહાદેવ તેને શ્રાપીત વર આપે છે કે થોડા દીવસમાં લડનાર ઉત્પન્ન થશે. બાદ ઈંદ્ર ઈંદ્રલોકમાં જાય છે. શ્રી માહાદેવને ક્રોધના આવેશમાં પરસ્વેદ બીંદુ થઈ તે કમંડલુમાં પડે છે તેથી આખર ઉપર સમુદ્રમાં નાખી દેવડાવે છે. સમુદ્રમાં નાંખેલા બીંદુમાંથી નવ માસે એક રાક્ષસ ઉત્પન્ન થાય છે ને તે આખી સૃષ્ટીમાં બળવાન થશે ધારી દેવ માત્ર વર આપે છે. અને મથુરાના કૌંચરાજાની પુત્રીને પરણવાનું કહી સૌ સૌ જાય છે. તે પ્રમાણે જાળધર કરે છે. ત્યાંથી આ ચાલુછે. માટે વાંચક મીત્રો ભુલચુક આવે દરગુજર કરશોજી.

નાટકના રૂપમાં મુકવાનું કારણ આજકાલ નાટકનો શોખ ચાલતી જમાનાને અનુસરીને વિશેષ છે. તેમ આ જાળધર આખ્યાનનું નાટક હોવાની અમારા કેટલાક મીત્રોની મરજીથી આ બનાવવામાં આવ્યુ છે.

આ ગ્રંથ રચી બ્હાર પાડતાં મારા સુજ્ઞ મીત્ર સોમેશ્વર નાનકેશ્વર ભટ, રણછોડ કેવળરામ. જેઠાલાલ ઉમાશંકર. નાથજી નાનકેશ્વર વીગેરેઓએ સારી મદદ કરેલી છે. તેથી તેમનો પુર્ણ આભાર માનું છું. એજ વીનંતી તા. ૧–૧૨–૯૨

લી. કર્તા.

મુખ્ય પાત્રોનાં નામ.

પુરૂષ વર્ગ.

જાળધર—મથુરાનો રાજા
પ્રધાન—જાળંધરનો
સેનાપતી—સદર
ચોબદાર—સદર
દૂત—સદર
શીવ—
વીશ્નુ—
ઇંદ્ર—દેવતાનો રાજા.
અગસ્ત—એક રૂષી.
બૃહસ્પતી—દેવતાનો પ્રધાન.
વીશ્વામીત્ર—એક રૂષી.
નારદ—એક રૂષી.
ગરૂડ—વીશ્નુનો સેવક.
મુનીશ્વર—વીશ્નુ.
ચેલો—ગરૂડ.
રાહુ—એક રાક્ષસ.
સુત્રધાર—નાટક કરનાર.

સ્ત્રી વર્ગ.

નટી—સુત્રધારની સ્ત્રી.
વૃંદા—જાળંધરની સ્ત્રી.
નંદા—વૃંદાની દાસી.
મેધાવતી—વૃંદાની મા.
લક્ષ્મી—વીશ્નુની સ્ત્રી.

૫૨૩૯

વૃંદા.

સુત્રધાર—(પ્રવેશ કરે છે) અહો ! આ રમ્યભૂમીમાં બીરાજેલા આર્ય સજનો આપે આ સમયે આ રંગભૂમીમાં બીરાજી મને અને તમામ પાત્રોને જે ઉપકાર કરેલો છે તેનો આભાર માની અભીવદન કરૂં છું (સ્વગત) પણ શું વખત ઘણો થયો ને હજી સુધી મારી સુસીલા નટી આવી નહીં ચાલ બોલાવું.. પ્રીયે! પ્રીયે! વસ્ત્રાલંકાર સજી સત્વર આવ.

નેપથ્ય—(સ્વામીનાથ એ આવી) (નટી પ્રવેશ કરે છે)

નટી—સ્વામીનાથ વદન કરૂં છું (પગે લાગે છે)

સુત્રધાર—પુર્ણાશીષ પ્રીયા કેમ વાર લાગી.

નટી—સ્વામીનાથ આપ જાણોછો કે, મારે ગણપતી પુજનનો નીયમ છે. જેમાં આજે જરાવાર થઇ, તો માફી માગું છું.

સુત્રધાર—હાંરે હાં સરત ચુક થઇ. પણ પ્રીયા તને ખબર છે કે. આજે આ બીરાજેતા સદ ગ્રહસ્થો સમક્ષ " વૈશ્નવ જન રસીક **संगित वृंदा** ઉર્ફે **जाळंधराख्यान** નું નાટક ભજવી બતાવવાનું છે. તેમાં તારી જરૂર છે માટે.

નટી—પ્રીય ભર્તા—મારી જરૂર કરતાં વીશેષ જરૂર શ્રી વીઘ્નહર ગજાનનની જોઇએ. કેમકે કોઇ કાર્યમાં વીઘ્ન આવે તો તે વખતે યાદ કરવાં કરતાં 'પહેલાંથી સ્તુતી કરી પ્રસન્ન કર્યા હોય તો ઠીક.

સુત્રધાર—ચાલ તારે તારી એમ મરજી હોયતો શ્રી ગણપતીની

(ગણુપતીનો દેખાવ થાય છે) સ્તુતી કરીએ (જાય છે)

સુત્રધાર—(નટી પ્રત્યે) પ્રીયા સ્તુતી કરી પ્રસંન્નતા માગીએ-(ગાયછે)

રાગ. (છે જન પાલક ટાલક દુઃખનો) એ.

સૈલ સુતા સુત શ્રી લંબોદર, સાહ્ય કરો આ વાર (૧) ટેક.
જ્યાં દેખું ત્યાં તુજને એક, તુજ બળ બુદ્ધી વ્યાપી વિશેક.
જન સુખ ધારા ધારી અનેક. પ્રીતી પણે નીરધાર. (૨) સૈલ.
રૂ સીદ્ધી બુદ્ધી દાતાર, જડ ચૈતન્યાદી કરતાર.
ભક્તોનાં સંકટ હરનાર, જય જગપાલન હાર (૨) સૈલ.
તુજ કૃપાએ પુરણુ ગ્રંથ. કરવા ધારૂં મન ઉમંગ.
વિઘ્નોને ટાળો નીશંક, ધરૂં તારો આધાર. (૨) સૈલ.
રચવા કવિતા હામજ ધરી, તુજ કૃપા માગું ફરી ફરી.
પુરૂષોતમ વીનતી ધરજે હરી, દે શુભ આશીષ આધાર (૨) સૈલ.

શ્રી ગજાનન—(પ્રસન્ન થઇ) વત્સ હું તારી સદા સહાયમાં છું. તારૂ ધારેલું કામ નીરવીઘ્ને પાર પડશે. માટે જા ચાલુ કર. હવે હુ જાઉછું (જાય છે)

સુત્રધાર—પ્રીયા—હવે પાત્ર જનોને જલદી તૈયાર કર. કેમકે વખત ઘણો થયો છે.

નટી—બહુ સારૂં સ્વામીનાથ. (બને જાય છે)

સર્વ પાત્રો— રાગ—સ્યામ કલ્યાણુ.

નમન કરૂ જગતપતી, શંભુ જટાધારી.
શંભુ જટાધારી, પ્રભુ સુમતી દેવ ધારી. ટેક.

અરધાંગે ઉમયા સગ, જટા માંહી ધારી ગંગ.
શોભીત કંઠે પન્નગ, ત્રાતા ત્રીપુરારી. નમન. ૧
નંદી ભૃંગી કરત સેવ, ઉમા ઉછંગ દુંઢી દેવ.
નીલકંઠ અવસ્ય મેવ, વરદાયી મુરારી નમન. ૨
આરોપીત ચંદ્ર ભાલ, બાજત હે મૃદંગ તાલ.
શીવ શીવ શીવ શીવ કૃપાલ. ભષ્મ કંકણુ ધારી. ન. ૩
પશુ પનાક શસ્ત્ર ધારી, વીશ્વંભર સુખકારી.
પુરૂષોતમ ચંદ્રશેખર, મુરતિ શ્રેય કારી. નમન. ૪.

अंक १ लो.

प्रवेश १ लो.

સ્થળ—રાજ કચેરી.

પાત્ર—જાળધર, પ્રધાન, સેનાપતી, ચોબદાર વીગેરે.

(ચોબદાર છડી બોલેછે. એટલે સૌ સૌ સલામ ભરી બેસે છે.)

જાળંધર— રાગ ગજલ. (ગાયન ૩ જું)

સચીવ સત્ય રાજ્યમાં કેવી રહે નિતી;
પ્રજા સુખી દુઃખી વદે કે કોની છે ભિતી.
ધર્મ કર્મ પ્રીતી જન રાખતા ખરે;
ન્યાય કામ કાજ કેમ અર્થ સૌ સરે.
વીશેષ રીતથી વદે તું સર્વ એ વૃતાંત;
દેશ રૂપ ક્ષાળ શ્રવણુ કરવાની છે ખંત.

પ્રધાન— રાગ સહર. (ગાયન ૪)

કર્મ કાંડ દ્વીજ કરે દીસે ન શોધ ચુક;

ક્ષત્રી શુર શુરતાને આવર્ત વર્તણુક.
શિયળ નાર પાળતી પ્રજા સદા સુખી,
ન્યાય નીપુણ કારભારીથી, નથી દુખી.
પ્રીતીથી પાત્ર જાણીનેજ દાન થાય છે,
ધર્મ દૂજા સુગ્રુજનો સ્નેહે સ્હાય છે;
પવિત્રતા સદાય રાજમાં ગણાય છે.
ન આપ ભૂપ વ્હાય અવર ગાન ગાય છે.

જાળંધર—શાબાશ પ્રધાનજી ધન્ય છે. (સેનાપતી સામુ જોઇ—)

રાગ ગીતી.

સેના કેવી દીસે, કાઢે કેમજ પોતાનો કાળ;
સાંભળવા ઇચ્છુંછું, રાજય જોસ્નો તુજ મુખ હેવાલ.
વ્યુહોની રચનાથી, કેવી છે હોંશીઆરી સરવેને;
વૃત્તાંત સઘળો વદતાં, યોગ્ય રૂપ જે લાગુ તે કહેને.

સેનાપતી — રાગ લાવણી.

કરૂં વીનતી બેઉ કરજોડી, લેશ ન ખેદ કરો ઉરમાં;
સેના સરવે મેઘ ગર્જના પેરે ગાજે અવનીમાં.
વીદ્યુત સમ કીર્તિ ચળકે છે અખંડ બ્હોતેર દેશોમાં;
મકર વ્યુહ ને વરાહ વ્યુહ વળી, સુચી વીગેરે વ્યુહોમાં.
કુશળ કહાવે યુદ્ધ કરંતાં ભારે ભડશુ ભીડે બાથ;
દેવ યક્ષ માનવ ને કીન્નર, ગંધર્વોથી લડતા સાથ.
નથી ન્યુન કો સેન્યા માંહે નૃપોત્તમા કહી સાચી વાણ;
યુદ્ધ પ્રસંગે શુર જણાયે, સેના સર્વે છે નીરમાણ.

જાળંધર—શાબાશ સેનાપતી—પણ પ્રધાનજી—મારા નીત્ય નીય-

મનો વખ્ત થયો છે જેથી કચેરી બરખાસ્ત કરો.
પ્રધાન—મહારાજા પધારીએ. (જાય છે.) (બધા જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—ખાનગી મેહેલ.

પાત્ર—જાળંધર, રાહુનું મુસ્તક, ચોબદાર, વીગેરે.

(જાળંધર બેઠેલા છે એટલામાં અકસ્માત્ રાહુનું શીર આવે છે તેને જોઇ.)

જાળંધર— રાગ. ઓખાહરણની ચોપાઈ.

કહો ભાઇ પધાર્યા ક્યાંથી, સ્વર્ગ મૃત્યુ કે પાતાળમાંથી
કોણ નામને માત પીતાય કેમ ધડ વીણ શીર દેખાય.
વળી અચરજ મનમાં ભાસે, પ્રાણધારણ શીશ ઉપાસે;
કોણે વધ કીધો આપનો દેવ. મુખે પ્રશ્ન પુછું અવશ્યમેવ.
સાચી વાત વદોરે મુખેથી, હું તો શ્રવણ કરૂં સુખેથી.

રાહુનું શીર— રાગ સદર.

આવ્યો બનેનું દુઃખ સંભારી. જેનો ભાવ પડ્યો છે કારી;
કસ્યપ સુત મુજ નામ છે રાહુ. હતુ સહસ્ર હસ્તી બળ બાહુ.
કારણ શીરનું તુજને બતાવું. દેવ સભામાં પડ્યુંતું જાવું;
આવ્યા હરીહર સાગર તીર તમ પીતાને ત્રેર સુધીર.
નાંખ્યો મદાર તેત્રીશ કોટીએ. કાઢ્યાં ચૌદ રતન ચોટીએ;
સરવે રતનને ન્યારાં કરી. તુજ ભગની વીસ્નુ ગયો હરી.
દેવે વેચીને લીધાં રતન, એકે આપ્યાં ન અસુર જંન;
પ્રીતે અમૃત પીવાને કોડે. હું બેઠો જઇ સુર્યની જોડે.
હસ્ત લીધું અમૃત જે વારે, સુર્યે સમસ્યા વિસ્નુને ત્યારે.

સમજ્યો તેત્રીશ કોટીનો શક્ર, માર્યું લક્ષ્મી પતીએ ચક્ર.
અમૃતના હારે થયું જુદું શીશ. રાહુ નામ ધર્યું જુગદીશ.
તુજ પીતાના પક્ષને માટે. શીર ખોયું નૃપતી એ સાટે;
તુજ પીતાને મારે છે પ્રીતી, નૃપ સત્ય વદુ એ રીતી;
અપુત્રોની લક્ષ્મી લે છે લોક, તેમ ધારી પીતુ ધરે શોક.
તમે છો પુત્ર ઉદધીના શુદ્ધ, માટે અમરશું કરો કાં ન યુદ્ધ;
તાતનું દુ:ખ ભાગો આવાર, નહીંતર તુજ બળને ધીકાર.
ટેક મનમાં ઝાઝો હશે, તો તો ચૌદે પુન: આવશે;
દેવ પાસેથી પાછાં લેવા, ધરી ધીર ને ઉત્તર દેવા.

જાળંધર— રાગ ક્ષાત્રી કલંકનો. (ગાયન ૯)

માઽં દેવ સાથે કરૂં ધાડું વેર, રતન લાવું હામ ધરીરે.
મુજ શીર વરદાયી તણી મહેર, રતન.
મુજ પીતાના જે દેવ રીપુ હોય. રતન.
નહીં ઠામ રહેવા દેઉં હવે કોય, રતન.
વીંચી વખુટા વતન કરૂં આજ, રતન.
મારૂં વિશ્નુને જે લીધી પીતુ લાજ, રતન.
ધીક ધીક મુજ ભગનીના ચોર, રતન.
હવે જોઉંછું હું તારૂં સૌ જોર. રતન.
ઝાલું જોગટાને જટાથી આવાર. રતન.
કરૂં શક્ર કેરો વક્ર આકાર, રતન.
બાંધુ તેત્રીશેને એક બંધ સાથ. રતન.
ત્રણે ભુવનને ઘાલું મુજ બાથ. રતન.

રાહુ—શાબાશ છે નૃપતી. હવે હું રજા લેઉંછું. (જાય છે)

प्रवेश ३ जो.

स्थळ—रस्तो.

पात्र—जाळधर, प्रधान, चोबदार.

जाळंधर—(आवीने.) चोबदार प्रधानने बोलावी लाव.

चोबदार—बहु सारु माहाराज जाउछुं. (जाय छे.) (आवीने)

चोबदार—माहाराज प्रधानजी आवे छे.

प्रधान—माहाराज वंदन करुछुं. श्री आज्ञा छे.

जाळंधर— गायन (१०) राग श्याम कल्याण.

प्यारा ओ सचीव मारा, सावधान आज थइ;
साथे सैन्य लेई इंद्र लोकने उजाडु जई प्यारा. टेक.
मुज तात केरुं धन, लुंटी लीधु देवे सहु;
खबर आज सुणतांमां दाज लागे मन बहु. प्यारा.
माटे युद्धमां हणुने, लावु चौद नामने;
जाणीने बेशी रहु तो, काय आ शा कामने. प्यारा.

प्रधान— गायन (११) राग सदर.

सत्य वाद वदत भूमीपाल श्री नृपेश्वरा;
देवना शा भार आप साथ युद्धमां जरा. सत्य.
सैन्य सावधान करुं क्षण नहीं लगाडुं वार;
सींह साथ युद्ध करवा, शा शियाळना छे भार. सत्य.

जाळंधर—जाओ अने जलदी तैयारी करो. हुं रणवासमां जइने आवुं छुं. (जायछे.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રણુવાસ.

પાત્ર—વૃંદા. નંદાદાસી. જાળંધર.

વૃંદા—નંદા આજે સ્વામીનાથ કેમ કચેરીમાંથી પધાર્યા નહીં.

(છડીનો અવાજ થાય છે તેથી)

નંદા—બાઇસાહેબ. પધારતા હોય એમ જણાય છે.

જાળંધર—(આવે છે એટલે) વૃંદા—સ્વામીનાથ વંદન કરૂં છું.

જાળંધર—પુર્ણાંશિપ પ્રીયા પણ કાંઇ કહેવા આવ્યો છું તે સાંભળ.

રાગ સારંગની ગજલ. (૧૨)

રજા આપો એ પ્યારી મારી, જાઉં યુદ્ધ કાજ;
ચૌદે રત્ન ચોરી ગયાને, લીધી પીતુ લાજ. રજા. ટેક.
દેવ નગ્ર ઉજાડીને વાસુ અસુરો ત્યાંહ;
કપટી વીશ્નુ જોગી શીવજી બાંધી લાવું આંહ. રજા.
શું સતાછે એહુની હું છતાં તે રત્ન હરે.
મુજ સાથે યુદ્ધ આદરવા કહો કોણ શકતી ધરે. રજા.

વૃંદા

રાગ કલ્યાણની ગજલ. (૧૩)

ન જાઓ પીયુ પ્યારા, કરૂં ન કદી ન્યારા;
દેવ સાથ યુદ્ધ શાને હામ ધરો મારા. ટેક.
દેવ નહીં જીતાયે સ્વામી, દેવ બરા બળવાન;
કપટ કરી મારે વીશ્નુઆ, વીનતી ધરજો ધ્યાન. ન જાઓ.
અમૃત પી અમર થઇ બેઠા, કેમ મરે એ દેવ.
બ્રહ્મા વીશ્નુ શીવ સદાએ કરે દેવની સેવ. ન જાઓ.

તેત્રીશ કોટી દેવ વૃંદનુ, જાહુ બળ ભરપુર;
તે સાથે યુદ્ધ કરતાં સ્વામી કેમ રહે તંમ નુર. ન જાઓ.
આપજ ભર્તા મુજ શીર છાજે રત્ન તણી નહીં ન્યુન;
તમ વીણુ ભવ સુખ સાધન મારે દીસે સરવે સુન્ય. ન જાઓ.
દીન દાસીના સામુ ભાળી જોઉ આ વીચાર,
અગણીત રત્ન પ્રતાપી સ્વામી જેથી ઉતરૂ પાર. ન જાઓ.

જાળંધર— રાગ બીહાગની ગજલ. (૧૪)

શાને કાજે મનોરમા મનખેદ તુ કરે;
મુજ જય માટે પતીવ્રતાનો ધર્મ શુ ધરે. શાને. ટેક.
વર પ્રતીતે યુદ્ધ કરવા ધારૂ મન હામ;
તુજવડે દેવ જીતી આવુ, વણસે નહીં કાંઈ કામ. શાને.
શીળ ન મુકે તું કદાપી, મૃત્યુ દુર સદા.
પુષ્પ સમ વાગે દેવ મારે વજ્ર કે ગદા. શાને.
ધરધીરજને ટેક રાખી, આપતું રજા;
સુર બાંધીને રણે લાવુ કરૂ અતી સજા. શાને.

વૃંદા— રાગ. મરેઠી ચાલની લાવણી. (૧૫)

પ્રાણથી પ્યારા સ્વામી મારા, કીધો શું મન વિચાર;
દીન દાસીના કરમે આ દુઃખડા કેમ લખ્યો આમ માર;
ગણુ નારીનો ધર્મ એવો કે, યુદ્ધે જતાં પતીવારે.
ધીક શુરવીરની નારી તેને જીત્યા જશીને હારે;
માટે પ્રાણેશ હામ ધરીને, યુદ્ધ કરો જઇ યાર.
ટેક ગૃહીને શીળ મં મુકું, ભૂમી રસાતળ જાય.
દિવાકર જો પશ્ચીમ ઉગે, ઉદધી મર્યાદા મુકે;

મેરૂમંદારો થાય ચલીત પણ વૃંદા સત્ય નવ ચુકે.
રાત રખડતી કરવા ભર્તા ધારી મનમાં હામ.
જીવ જશે પણ સત્ય ન ચુકું. સાક્ષી શીતારામ.
શીળ તાણું વ્રત જાળવવાને, જોવાને આ ટાળા.
પરીધાન કઠ સ્વામી મારા, કરો આ ફુલની માળા.
કરમાયે ત્યારે જાણો સ્ત્રી તમ ચુકી ખરી એ સત્ય.
સુખે પધારો યુધ્ધે દેવશું. ધાર્યું કરો સ્વામી કત્ય.

જાળંધર— રાગ (૧૬)

અફસોસી છોડોરે, (૨) પ્રીયા પ્રાણ છો સુ જાણ.
રહી વ્રત ધારી, સત્ય ઉચારી, શ્રેય કારી, ધારી ધારી.
કુતર્કો મારી. પ્રીયા ટેક મનથી જોડોરે. અફસોસી—
વ્રત ધરી, શીયળને સાચવીને, પ્યારી મારી ધારી હોંસ.
ઇશ સાથ, પ્રીતથી સોહાગ્ય માગી, વીષયથી દુર ભાગી.
(પર) ઇચ્છા તોડોરે. અફસોસી—૧

હવે હુ રજા લેઉછુ. (જાય છે)

प्रवेश ५ मो.

स्थळ—મથુરાનું પાદર.

पात्र—પ્રધાન ,સૈનીકો વીગેરે.

પ્રધાન— રાગ કેરબો. (૧૭)

થાઓ સાવધાન સૌ યારો જાવું લડવા કાજેરે.
જાઉ લડવા કાજેરે. (૨) થાઓ.
ધરી ધીરને ધારો ફરસી, પહેરો બકતર ટોપ.

તેત્રીશ કોટી દેવ માત્રને કરવા પ્રાજેરે. થાઓ.
કટી કટારી ધનુપ બાણુને ભાલા પકડો હોંસે.
તે ગવબુરને તીરકસ સંભો, બાંધો આજેરે. થાઓ.
અસી જંજીરા છત્રીસાયુધ્ધ ધરો ઢળકતી ઢાલ.
ગણુ સાથે મહારાથીને હણુવા હોય દેવના જે. થાઓ.
સૈન્ય જાય છે.

अंक २ जो.

प्रवेश १ लो.

स्थळ—ઇંદ્ર સદનનુ પાદર.
पात्र—જાળધર, દુત, કચેરી.

જાળધર— (ગીતિ) (૧૮)

મ્હારા બંધુ આજે, જાઓ વીષ્ટી કરવા ઈંદ્ર લોકે;
આપો સર્વે રત્નો, જાએ પાછા આવ્યા યુધ્ધે જે કે.
શામ દામ ભેદેથી, સમજાવો જો સમજે દેવ વૃંદ;
નહીં તો દંડજ દેશુ, લેશું રત્નને કરશુ આનંદ.

દુત—બહુ સારૂ માહારાજ. (જાયછે)

प्रवेश २ जो,

स्थळ—ઇંદ્રની કચેરી.

पात्र—ઇંદ્ર, વીશ્વામીત્ર, અગસ્ત, બ્રહસ્પતી, વસીષ્ટ, છડીદાર. વીગેરે (સભા બેઠી હોય છે.)

છડીદારજી—માહારાજે કોઈ મનુષ આવવાની રજા માગે છે.

અહુરપતી—આવવા દ્યો.

દુત જાળંધરનો— રાગ ધનાશ્રી. (૧૯)

વીનતી ધરજો ધ્યાન, સુરેન્દ્રા વીનતી ધરજો ધ્યાન. ટેક.
સીંધુ સુત મુજ છત્ર બીરાજે, દ્યો વીનતીને માન. સુરેન્દ્રા.
રત્ન ચૌદ લાવ્યા દેવ ચૌરી, સુણ્યું એમ રાયે કાન. સુરેન્દ્રા.
માલ પીતાનો લેવા કાજે, આવ્યા થઇ સાવધાન. સુરેન્દ્રા.
આપો કાંતો યુદ્ધ આરંભો, પડયા પાદર મેમાન. સુરેન્દ્રા.

વીશ્વામીત્ર— રાંગ નીર્બળ શત્રુ. (૨૦)

ધીક ધીક શીંધુ સુત દુત તુજને, ગર્વ વચન મુખ કેમ કાઢે;
ચો મૃત્યુ શીર ફરતું દીસે; તો જાએ વાઘરી વાડે.
જાણી જોઇને શું આવ્યો, યુદ્ધ કરવાને કાજ;
દેવ સાથે વેર કરી મૃત્યુ માગે આજ.
જા જઇને કહે એમ ન રહે તું લાજ.
જાણી જોઇને. ધીક ધીક. ૧

અગસ્ત— રાગ લાવણી. (અધબીચ) (૨૧)

માગી દેવ પાસ (૨) વર લેઇ થયો બળવાન;
જીવીક કલ્પ વૃક્ષ છેદતાં કેમ અમર રહે તુજ જાન. ટેક.
શું ગર્વ થયો (૨) તુજ પતીને મન આ વાર.
ગતી અમર શું યુદ્ધ કાજ એ અસુરના થા બાર. ૧
જયમ સિંહ શૃગાલ (૨) અશ્વ આગળ ગર્ધવ જેમ;
દીવા કરને દીપક શોભે દેવ આગળ તુજ નૃપ તેમ. ૨
જા જઇને કહે (૨) તુજ નૃપતીને આ વાત;
યુદ્ધ કાજ તૈયાર છીં. અમે દેવ વૃંદ સાક્ષાત. ૩

જાહુરપતી   રાગ. કલ્યાણની ગજલ. (૨૨)

ધીકાર ધીક્કાર ધીકાર, જાળંધર તુને ધીકાર;
દેવ સાથ-યુદ્ધ કરવા, શું કરે વીચાર.   ટેક.
અડદો આવે આખો લેવા, કરતો ભ્રષ્ટ વિચાર;
યુદ્ધ કરંતાં મારજ ખાશે, દેવ ન પામે હાર.   ધીકાર.
આટલા દીથી કયાં સુતોતો, કોણે જગવ્યો આજ;
અજા જોર આફળવા જાએ, શેર શું કેમ રહે લાજ. ધીકાર.
શશી પ્રકાશે દીવસ જેવી, રાત જણાયે પુર;
અસંખ્ય તારા અંધારામાં, શું બતલાવે નુર.   ધીકાર.
પવીત્ર ગાદી દેવ લોકની, લેવા તાકે ભુર;
જા જઇને કહે પાછો વળ, નહીંતો રહેશે નહીં નુર. ધીકાર.

દુત—માહારાજો–રજા લેઉછું.   (જાયછે)

प्रवेश ३ जो.

स्थळ—જાળંધરની કચેરી.

पात्र—જાળંધર, પ્રધાન, સેનાપતી. પાછળથી દુત.

(સભા બેઠેલી છે ને દુત આવીને)

દુત—   રાગ ગજલ. (વસ્લકી તેરી કસમ. (૨૩)

સુણો માહારાજ વીનંતી વંદુ હું આપ આગે.
સુણી મર્મોનાં વચન હૃદયમાં અંગાર લાગે.   ટેક.
કહે દેવ વૃંદ સહુ જાણી જોઇ યુદ્ધ કાજે.
આવ્યો શું કાળ તુજ નૃપતી કેશ પાસ આજે.
સિંહ પાસે શિયાળો, ધાઇ શું મારે કદાપી.
દીવા કર જોઇ દીપક તેજ થાય નાશ ત્વરાપી.

એમ તુજ નૃપતી ફરેઃ ગર્વ નહીં દેવ સાંખે.
જા કહે જાણુ કર યુદ્ધ કરો એમ ભાંખે.

જાળંધર— રાગ ક્ષત્રી કલંકનો. (૨૪)

કેમ ગર્વ કરે દેવ ચોરી માલ, દેવોનો વાસ આજ ટાળુ રે.
નકી ઇંદ્ર કેરો આણું આજ કાળ. દેવોનો.
તુજ અજાણે દબાવે પીતુ રત્ન. દેવોનો.
જેથી વાસ ટાળવાનો ધારૂં યત્ન. દેવોનો.
મુજ પ્રતીજ્ઞા છે એવી મન આજ. દેવોનો.
લેઉં રત્ન સાથે દેવ કેરી લાજ. દેવોનો.
મારી રત્ન લીધા વીના ઘેર જાઉં. દેવોનો.
કોટી બ્રહ્મ હત્યા પાપમાં સમાઉં. દેવોનો.
કદી પશ્ચીમ ઊગે જો ભાણુ. દેવોનો.
મેરૂ મંદાર ચલીત થાય જાણુ. દેવોનો.
મારૂં મરૂં રત્ન વીના સો શુન્ય. દેવોનો.
શું રે સમજે છે, દેવ મને ન્યુન. દેવોનો.

અરે પ્રધાનજી, સૈન્ય તૈયાર કરો. કચેરી બરખાસ્ત.

अंक ૨ जो.

प्रवेश १ लो.

સ્થળ—ઇંદ્ર સદનનું પાદર–સંગ્રામ ભૂમી.
પાત્ર—જાળંધર, ઇંદ્ર, વીગેરે તમામ દેવો.

જાળંધર— રાગ ક્ષત્રી કલંકનો. (૨૫)

સુણ્ દેવેન્દ્ર કહું હું સત્ય વાત; હરામી માલ ચોરી બેઠે રે.

ચોર હરામી લંપટ તારી જાત. હરામી.
મુજ પીતાને ધુતાવી લાવ્યા રત્ન, હરામી.
ચૌદે રાખ્યાં છે દેવોએ કરી યત્ન. હરામી.
ધીક તુજને તસ્કર બૂદ્ધી ધારી, હરામી.
હવે લેઈ ગર્વ દેવનો ઉતારી. હરામી.
નથી સતતી કે બળ? લેઇ જાય, હરામી.
નાગ મુખ હસ્ત ઘાલે મૃત્યુ થાય. હરામી.
ધીક વ્યભીચારી જોજે બળપુર, હરામી.
એક ઘડીમાં ઉતારૂં તારૂં નુર. હરામી.
દેવ દૈત્ય ભાઇ બેના સમ ભાગ, હરામી.
જૂદા ગણ્યા જેથી આવ્યો મુજે લાગ. હરામી.
નથી રૂપી દ્વાર જીવી ઘેર જાશો, હરામી.
શેર સાથે અજા યુધ્ધે માર ખાશો. હરામી.

ઇંદ્ર— રાગ. ગજલ (અરે ખેંગાર) (૨૬)

અરે નાદાન, નકર ગુમાન, ગર્વ ઉતારશે ભગવાન.
પીતા કોણને તું કોનો સુત, લેવા રત્ન ચોંટતો અન હુત. ટેક.
કહે તું શાથી છું ઉતપંન, પછી બોલજે વીચારી મંન.
થયો વર લેઇને બળવાન, નકી ખાઇ માર જાશો જાન. અરે.
અમર થઇ દેવ બેઠાં છે, જેથી શું તારી સત્તા છે.
કે ચૌદે રત્ન આવે તું હાથ, જોઇ વીચારીને ભર બાથ. અરે.

જાળંધર— રાગ ખમાચ. (દરશન બીન) (૨૭)

ઇંદ્ર દેરે રત્ન હમારાં આજ, નકી ખાઇ માર નહીં રહે તું લાજ. ઇંદ્ર.
કોટીક કલ્પ સુધી કરૂં યુધ્ધ, લેઊં ઇંદ્ર ભુવન ઇંદ્ર કેરૂં તાજ. ઇંદ્ર.

બેગટાને ઝાલીને પછાડું રણ, પેલા બીથી બીજનુનો ભાગ્ય શ્રંગાર સાજ.
ઈષ્ટ હમારી આશ પાડશે પુરી, કરશે તે સ્હાય થાશે પુરણ કાજ. ઈંદ્ર.

ઈંદ્ર— રાગ. ખમાચ. (મોએ દેકે ફીટકાર) (૨૮)

મત કરને ગુમાન, થશે શીક્ષા ટળી માન, કાંઈ રાખી મન ભાન
હદથી સુત તું, વેર વધારીને દેવ સાથ યુધ્ધ કરે. મત કર.
જોજે દશ મુખ શુરો, બળી હતો દાને પુરો, કૌરવ આદી નૃપ સુરો
ખોઈ માંજાને, પાછો જાને નૃપ નારી વૃંદા વાટ જુએ. મત કર
નહીં રાખે મન ગર્વ, ટાળે શીશ મળી સર્વ, નહીં ભોજનનું પર્વ.
રત્ન કદી ન મળે, અતી ધારે દુઃખ થાય સાચા વેણ વદુ. મત કર

(લડાઈ થતાં ઈંદ્ર હારી જાય છે. ને નાશી જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—રસ્તો.

પાત્ર—ઈંદ્ર ને તેત્રીશ કોટી દેવતા,

ઈંદ્ર— રાગ ઓખાહરણની ચોપાઈ. (૨૯)

કર વીનતી બેઉ કરજોડી, દેવ ભુવન આવ્યા છીછોડી.
હવે કોને શરણ જવું આજ, જેથી દેવ તણી રહે લાજ.

બ્રહસ્પતી— રાગ સહર. (૩૦)

થયો ગર્વ મળ્યું વરદાન, જેથી પામ્યા સરવ અપમાન.
વર દાતાર પાસે જઈએ, સર્વ દુઃખ આપણું કહીએ.
સ્હાય થાશે ભોળા નાથ, કરી વીનતી ચાલો સૌ સાથ.

(જાયછે)

प्रवेश ३ जो.

સ્થળ—કૈલાસ.

પાત્ર—દેવ, ઈંદ્ર, માહાદેવ.

સર્વ દેવસ્તુતી— રાગ ધનાશ્રી. (૩૧)

વીનતી સુણી થાઓ રહાય, ભોળા શંભુ. વીનતી. ટેક.
ઈંદ્ર ભુવન ઉજાડીયું દૈત્યે, વાસો વસીયા ત્યાંહ. ભોળાશંભુ.
ઉદધી સુત જાળંધર નામે, મર લેઇ જોરાવર થાય. ભોળાશંભુ.
આશ્રય કોનો માગવો હાવે, અરજ વારો મન માંહ. ભોળાશંભુ.
માર મારી દેવ ગૃહને ઉજાડયાં ચકચુર કીધી કાય. ભોળાશંભુ.
તમ વીણ અમને કો સુખ દીયે, લાગીએ લળી લળી પાય. ભોળાશંભુ.
દેવેન્દ્ર આપ પાસે અરજે ગુજારે, તેત્રીસ કોટી પણ ત્યાંય. ભો.

માહાદેવ— સાખી. (૩૨)

પ્રસંન થયોછું આજે દેવો, માગ્યું જે વરદાન;
નિશ્ચય આવું વ્હાર તમારી, પણ પુછીએ ભગવાન.
માટે ચાલોરે, જઇએ વૈકુંઠવાસે. માટે૦ ૧

સર્વદેવ—માહારાજ એવી મરજી હોય તો પધારીએ.

માહાદેવ—હાં ચાલો. (સર્વે જાયછે)

प्रवेश ४ थो.

સ્થળ—વૈકુંઠ.

પાત્ર—સર્વદેવ, માહાદેવ, વીશ્નુ, લક્ષ્મી વીગેરે.

સર્વદેવસ્તુતી— રાગ. યમન કલ્યાણ. (૩૩)

લક્ષ્મીપતી આ અરજ હમારી. (૨) ટેક.

સીંધુ સુત જાળંધરે આવી, ચૌદરત્ન લેવા મતી ધારીરે. લક્ષ્મી.
વાસદેવોને ટાળી રત્ન લેવા, બેઠો પોતે વેણ ઉચ્ચારીરે. લક્ષ્મી.
દેવ વાસ ફેડી દૈત્ય વસાવે, દેવ રહેવાં જગ્યા નહીં ધારીરે. લક્ષ્મી.
યુદ્ધ કરો કાંતો રત્ન અમારાં, આપો પાછાં રહો સુખકારીરે. લક્ષ્મી.
શું કરવું તેનો પાર પામવા, આવ્યા સર્વે દેવ ગયા હારીરે. લક્ષ્મી.
સ્હાય થઇ પ્રભુ દુ:ખ વીડારો, લ્યો વીનતીને સ્વીકારીરે. લક્ષ્મી.

વીરનુ—અરે દેવતાઓ તમે સર્વે જાઓ હું થોડા વખ્તમાં આવુંછું.

પ્રવેશ ૫ મો.

સ્થળ—ઇંદ્રિ લોક.

પાત્ર—જાળંધર, પ્રધાન, આદી બીજા સૈનીકો.

જાળંધર— રાગ ગીતી. (૩૪)

કયાંછે મારાં રત્નો, કરો ખોળ સૌ પેસી દેવલોકે;
સતાડી કે પાસે, રાખી નાઠા દેવ વૃંદ જોકે;

પ્રધાન— બેત. (૩૫)

નાઠા દેવો રત્નો લેઇને, ગયા શીવની પાસ;
હવે દેવ આવે યુધ્ધે, માટે કરો તપાસ.
સાવધાન રહી કરો તૈયારી, યુદ્ધ કેરી આજ;
એક વખ્ત હારીને નાઠા, બીજી વખ્ત શી લાજ.

(જાયછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—સંગ્રામ ભૂમી.

પાત્ર—વીરનુ, ઇંદ્ર, જાળંધર સૈનીકો વીગેરે.

વીરનુ—અલ્યા મદાંધી, જાળંધર, તું અમારા વરવડે ઇશ્વર બની

આચારીજ સાથે લડવા તાકે છે. તેમાં તારી હલકાઇ છે, માટે પાછો જા. નહીં તો શીક્ષા કરી અપમાન સાથે ઇંદ્ર લોકમાંથી કાઢી મૂકવો પડશે.

જાળંધર— રાગ ક્ષત્રી કલંકનો. (૩૬)

જાણી સગપણ કહું સત્ય વાત, ભૂદર રણમાંથી ભાગોરે.
નથી રૂક્ષ્માણીને લેવાની તાકાત; ભૂદર.
રાજા હારી નાઠો શીઘ્ર ફેરી પાસે, ભૂદર.
પાંછો આવ્યો તેડી પોતાને હુલાસે. ભૂદર.
લેઉ રત્ન પાછાં જાઉં આજ આપો, ભૂદર.
કાંતો સંસાર છોડીને જાય જાપો; ભૂદર.
જાણી બનેવીને કહું તમ આગે, ભૂદર.
રખે ભગીની કેરૂં ઘર ભાગે; ભૂદર.
મુકું જીવતા તે પુંજ્ય મુજ જાણી, ભૂદર.
થાશે લોકમાં હસારત તે હાણી; ભૂદર.
માટે વીચારીને રહયો વેણુ સાંખી. ભૂદર.
કર્યો ખુલ્લો ભેદ રહયો મુખ ભાંખી; ભૂદર.

વીરમું— રાગ સુદર. (૩૭)

અલ્પા મંદ મતી સગપણ કેવું, અભીમાની તે દાટ વાળ્યોરે.
રત્નુ નામે દેછે શીદ કેવું લેવું. અભીમાની.
અમો સગપણ સ્વાદીયાછું એવા, અભીમાની.
ધાર્યું સાળા ફેરૂં શીર હરી લેવા. અભીમાની.
પુષ્ઠ શીશુપાળ દંતવક્ર જેવા, અભીમાની.

પાડે બ્રહ્માંડ પલકે કરે ક્રોધ. અભીમાની.
રૂક્ષમૈયો ગયો લજીત મોઢે. અભીમાની.
કૌરવોનું કાઢયું મુળ ધારી કાડે. અભીમાની.
તો તો તુજ બળના શા ભાર. અભીમાની.
નકી છેદુ તુજ શીર આ વાર. અભીમાની.
મુજ ચક્ર કરે રૂધીરનું પાન. અભીમાની.
ક્યાંથી મળે સાબો સાંભળ તું જ્ઞાન. અભીમાની.
જોજે ખોજે લાજ ઉદધીના તંન. અભીમાની.
મારૂં છું હવે હું ચક્ર ધારી મંન. અભીમાની.

(ચક્ર માંરતાં વાગતું નથી એટલે)

આરો જુલમ છે, ચક્ર વાગતું નથી. (એટલે નાશી જાયછે)

—:०:—

अंक ४ थो.

प्रवेश १ लो.

સ્થળ—વીશ્નુનો એકાંત વાસ.

પાત્ર—વીશ્નુ, માહાદેવ.

વીશ્નુ— રાગ. ગુરૂ ગોવીંદના મહીનાનો. (૩૮)

સુણો વીનતી વદુ ત્રીપુરારી, ધરોને કાનેરે.
થયો તર્ક મુને મંન ભારી, કરો યુધ્ધ શાનેરે.
જ્યાં સુધી શુક્ર દૈત્ય પ્રાસે, કહુ ત્રીપુરારીરે.
ત્યાંહાં સુધી જાળધર રાય, જશે નહીં હારીરે.
માટે કરવો કોણ ઉપાય, અમો સાચવતાંરે.
કરે સજીવન દૈત્ય સમસ્ત, રણ વીરો મહેતારે.

મુજ તર્ક એવો જે યુક્તી; કપટની કાહાડોરે.
લઈ જાય ખગેશ કોઇ ઠામ, શુક્ર સંતાડોરે.

શીવ— રાગ ગીતી. (૩૯)

કહી યુક્તી આ સારી, શુક્ર ગયા વીણુ હાર નહીં પામે.
શુક્ર ગયા પછી આપણ, આરંભો યુધ્ધ દેવ દુઃખ વામે.
ભલી ભજાવી યુક્તી, કેશવ કપટ વીના નહીંજ કામો.
મરતાં જાળંધરને, શુક્ર સમો સાચવનારને વામો.

વીશ્નુ—માહારાજ, હું ખગેશ (ગરૂડ) ને મોકલી આવું છું. (આવીને)

રાગ એતદ. (૪૦)

આવ્યો ખગેશ શુક્રને, આદર્યો ઠામ કુઠામ.
કલ્યા એક ઉત્પન્ન કરી, સોંપ્યો ભગને ઠામ.

શીવ— સોરઠો. (૪૧)

ખરેખર ભૃષ્ટ થયો, દૈત્ય ગુરૂ હવે ચાલીએ.
રણમાં યુધ્ધ કરી, જાળંધરને ઝાલીએ.

(જાયછે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—રણભુમી.

પાત્ર—દેવ, માત, માહાદેવ, જાળંધર. વીસ્નુ.

જાળંધર— રાગ ક્ષત્રી કલંકનો. (૪૨)

જાજા વળી પાછો શીવ અમ્મ જોગી! સંગ્રામે કામ નથી તારૂંરે
ચાળ સમસાને બડીજા જાય જોગી! સંગ્રામે.

નાઠા વીરેનુ વાસવ મુકી મન સામ. સંગ્રામે.
તે તું યોગી, જીતવા તાકે સંગ્રામ. સંગ્રામે.
સ્હાવા સીંહને જાંબુક જો જાય. સંગ્રામે.
પછી શાને અર્થે આવે આ કાય. સંગ્રામે.
નથી મેળવે તું મુજ સાથે તંત. સંગ્રામે.
લેઉં તેત્રીસેની સાથે તુજ અંત. સંગ્રામે.
આવ્યો રણ વીશે પ્રાણ ખોવા પાપી. સંગ્રામે.
માગી ઉમયા તેં રીતથી મેં આપી. સંગ્રામે.
ન્હોય વ્યંડળ બીયુવી રણ માંહ. સંગ્રામે.
આજ પોંચાડું જો વસે ધર્મ જ્યાંહ. સંગ્રામે.

માહાદેવ— રાગ સહર. (૪૩)

મુક લવરીને વળ પાછો દેશ. દૈત્યોને દળ સાથે હણું રે.
રણે રગદોળું ઝાલી તારા કેશ; દૈત્યોને.
ધીક ધીક તુને ધીક વ્યભીચારી; દૈત્યોને.
ધીક હાક્ષીપર કુમતી વીચારી. દૈત્યોને.
આવ્યો તુજ લય પાસે નકી જાણ. દૈત્યોને.
હવે ગણ ઘટ ઘટ રહ્યા પ્રાણ; દૈત્યોને.
પશુપતાકા તે તુજ માટે ધારૂં, દૈત્યોને.
સૈન્ય સાથે આજ તુજને સંહારૂં. દૈત્યોને.
ભૂસે ભવાની તું લેજે આજ ભોગ, દૈત્યોને.
ભરો ખપર ચોસેઠ આવ્યો જોગ; દૈત્યોને.
ચેત ચેત દુષ્ટ પાપી આવ્યો અંત, દૈત્યોને.
રખે ઘેર જાવા ફેરી રાખે ખંત. દૈત્યોને.

(લડતાં પશુપતાકા વાગતું નથી જેથી હારીને નાશી જાયછે)

प्रवेश ३ जो.

स्थळ—રસ્તા ઉપર.

पात्र—વીરનુ.

વીરનુ— રાગ. (૪૪)

હાર્યા હાર્યા, દેવની ગઈ આજ લાજરે.
માર્યા માર્યા, તેત્રીશ કોટી રત્ન કાજરે.
ધાર્યા ધાર્યા, દૈત્યોએ કુવીચાર મનમાંરે;
સાર્યા સાર્યા, એક વીચાર ખરા તનમાંરે.
શીવ શંભુ, હારી ગયા કૈલાસેરે,
હવે મારે, જીવવાની નથી ધરવી આશરે.
માટે કરૂં, કપટ કાંઇ મન માંહેરે,
તો તો મારી, આશા પુરી થાય આંહેરે.

(સ્વગત) હાંહાં. લક્ષ્મીજીને બોલાવીને તેને પુછવા મોકલું કેમ કે જાળંધર એ લક્ષ્મીજીનો બાઇ છે. માટે તેને બધી હકીકત પુછશે. (જાયછે.)

प्रवेश ४ थो.

स्थळ—વીરનુનું સીબીર.

पात्र—વીરનુ, ગરૂડ.

વીરનુ—(ગરૂડને) રાગ. ઓખાહરણની ચોપાઇ. (૪૫)

ભાઇ ગુજપર બેઠી આવ, જાઓ વેગે વૈકુંઠવાસ;
તેએ કમળાને લાવો વીર, રખે વાટમાં કરતા ધીર;
બ્હાનું બ્હાતાં પહેલું ન અચાય, તો તો કામ અફારથ જાય,

ગરૂડ—બહુ સારૂ માહારાજ. (જાયછે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—લક્ષ્મીજીનો મેહેલ.

પાત્ર—ગરૂડ, લક્ષ્મીજી, દાસી.

લક્ષ્મીજી—અરે દાસી સ્વામીનાથ ગયાછે ત્યારની બીલકુલ ખબર આવી નહીં. જેથી ખબર કાઢવાની તજવીજ કર.

દાસી—બાઈ સાહેબ. બાહાર વીહંગપતી આવ્યો હોય એમ જ. ણાય છે.

ગરૂડ—(આવેછે) ને કહે છે

રાગ ઓખાહરણની ચોપાઈ. (૪૬)

માતુ કુશળ કહાવે ભગવાન. રોજ યાદ કરે આપી માન.
પણુ વીનતી મારી ધરજો. તેડે માધવ જઈ દુખ હરજો.
અરૂણોદય પહેલાં આપણુ જાવું, જઈ ભૂદર ભેળાં થાવું;
માટે ચાલો કરો તૈયારી, કેશવ ખીન્ન થવા મન ભારી.
તમ વીણુ પ્રભુને નથી ગમતુ, સદા ચીત રહેછે ભમતું;
માટે વેગે ચાલો માતા મારાં, દર્શન દેઈ તન સુખ દયો તમારાં.

લક્ષ્મીજી— રાગ સદર. (૪૭)

ચાલો વેગે સત્વર ભાઈ. કેવી પીડ મુજ વીણુ ભરાઈ;
સ્વામી યાદ કરંતીતી આજ, આવ્યો જેથી રહી અતી લાજ;
નહીં તો વણુ તેડે આવવુ પડતું, સાજ તૈયારીમાં મન જડતું.

(ગરૂડ તેડીને—જાય છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—વીશ્નુનો એકાંતવાસ.

પાત્ર—વીશ્નુ, ગરૂડ, લક્ષ્મીજી, નારદ.

વીશ્નુ—તેડવા ગયેલો ખગેશ હજુ સુધી કેમ આવ્યો નહીં હશે

ગરૂડ—(આવીને) માહારાજ પોતે શ્રી લક્ષ્મીજી પધારે છે.

લક્ષ્મીજી—(આવીને) સ્વામીનાથ વંદન કરૂં છું.

વીશ્નુ—પ્રીયા અખંડ સૌભાગ્ય પ્યારી.

રાગ મેવાડો. (૪૮)

મનોરમા તુજ મુખ જોઇ, સુખી સદાય છું;
પ્રીતી ખરી મન ધારીને, વેગી વીલાસી છું. મનોરમા. ટેક.
અન્ન પાણી ના ભાવે મુજને. તમ વીણ પ્યારી આજ;
વશ કીધો મુજ પ્રાણ પ્યારી, દેખી સીધ્યાં કાજ. મનોરમા. ૧
સાજ કાજને શૃંગારી સૌ જગત કેરા ભોગ;
તમ વીણુ સર્વે શુન્ય ધારૂં, થાયે જો વીયોગ. મનોરમા. ૨
અર્ધાંગા તુજને કહી, જેથી વશ થયો તુંને આજ;
તુજ વીણુ પ્યારી સંસાર માંહે, કોને કહેવાયે કાજ. મનોરમા. ૩

લક્ષ્મીજી— રાગ સારંગ [ગજલ] (૪૯)

કેમ થયા મન ભંગ મારા, હરીવર હૈયાના હાર.
ગદ ગદ શાને થાઓ પ્યારા. અંતરના આધાર. કેમ. ટેક.
શાને ચીંતા મન ધારો, કશીત કેમ છો અંગ.
પડતું નાખી આવી દાસી, આતુરતાં વીહંગ. કેમ. ૧
ચેન દેખી તમ તણું, પડતી નથી કાંઇ ગમ.
વાત વદો સ્વામી મુજે, સાચી ધરૂં મુજ મમ. કેમ. ૨

વીરનુ— **રાગ ઓખાહરણની ચોપાઇ. (૫૦)**

શીદ સમ દે છે મુજને રમાતું, નથી કમળામેં તુજને કે'વાતું.
કહેતાં પણ કદી મારૂ જાય, તોતો લોક હસારત થાય.

લક્ષ્મીજી— **રાગ ગજલ. (૫૧)**

કહો સાચુ શ્રી જગજીવન, ન કહેતાં પ્રાણ તજુ જીવન.
મારા સમ સત્ય વદો આધાર, કરૂ આપ કહોતે અંગીકાર. ૧
વીરનુ—શાને તું હઠ ધરે કમળા, નહીં થાયે કામ એ અબળા;
કરો કદી રાખીને શુધ્ધ મન, પ્યારી મુને આપો એક વચન. ૨
લક્ષ્મીજી—વચન સાચુ છઊં દાસી, સદા તમ પ્રેમની પ્યાસી;
રહુ આશીર ગમે તે કામ, ધરો સ્વામી પ્રીતે ઘનસ્યામ. ૩
વીરનુ—ધરીને પ્રીત કહું આ વાત, પુછો તમ બંધુ કેરી ઘાત;
પુછો જે મર્ણ શી રીતે થાય, પછી સંગ્રામમાં સૌ જાય. ૪

(લક્ષ્મી મુર્છાગત થાય છે) જાગૃત થઇને.

લક્ષ્મીજી— **રાગ. પીયુને તજાવનાર. (૫૨)**

પુરૂષ પુરાણી મુખ એશું બોલ્યા બોલ.
ભાતૃ મર્ણ કેમ કરી પૂછવાને જાઉં. ટેક.
મારા મૈયરીઆનું માઠું તાકોને ત્રીકમ.
પીયર પનોતી ઉજડે ધારૂં મન કેમ. પુરૂષ.
ભાઇ કેરૂં સ્નાન સુણવો ન ધારૂં મન.
તેથી સ્વામી સારૂં જે. પડે આ સમે તન. પુરૂષ.
હોળી સળગે હૈયામાં જે, સુણી આવા બોલ;
સાળા કેરૂ મૃત્યુ દેવ કાજે ધારો તોલ. પુરૂષ.
ભાઇ વીના આ ભવમાં મારે, કોને કરવા લાડ;
આણું ટાણું આવા વખતે, કેમ ચડતુ પાંડ. પુરૂષ.

પાતળીયા છે ભાઇ વડે તો, આંગણુ ખુલું આજ;
જુડી બારજા એવી કોણુ તે. ભાઈ તણુ બેતાજ પુરૂપ.
પ્રાણુ થકી છે પીઆર વાહાલું. શામળીઆ વીર છત્ર;
નઠ નજરથી ભાઇના સામુ, કેમ જોવાયે અત્ર. પુરૂપ.
વર વીર વડતાં વારૂ કોને, સુણી સમ છે સાલ.
મૃત્યુ આથી રૂડું લાગે. આવે જલદી કાળ. પુરૂપ.

વીરનુ—(મનમાં) આતો ઉલટું થયું, પણ પૂર્ણ કપટ કરીએ તો ઠીક પડે તેથી.

રાગ બીલાવર. (૫૩)

સુણો સુગમ વાત સાધવી. ધન્ય તારૂણી ટેક;
સ્વામી સમ ખાવા તણો. વાહલો છળ કરી છેક. સુણો. ૧
કમળાક્ષી આગ્રુ હતું. શાને ખાધા સમ;
ભાઇ વીના ભારી પડે. તમે ધારો છો તેમ. સુણો.
કંથની તમને શી કમી, ભાઈ કોને ના કહેવાય;
સાચી સગાઇ વીરા તણી. જેથી સુખે દીન જાય. સુણો.
કહેતાં; પતી મારા પ્રાણુ છો, નવનીવ કરતાં લાડ;
પણુ બાર ભાગ્યો મુજ ભામની, માનું આટલો પાડ. સુણો.
સીંહ સંહારીને નીસરે, બીએ દેખી મંતર;
પગ ધારે નહીં પાણીમાં, સીંચુ ઉતરે પાર. સુણો.
વીશ્વપતી મુજને કહે, વશ મારે લોક;
પણુ નારી તેં દગો દીધો, તારૂં બોલવું ફોક. સુણો.
ગોળ ખોળ સરખાં ગણ્યાં, સરવે રૂપ એકાકાર;
ઘર વીર સમ ગુણુતાં સદા, નહીં પામગો હાર. સુણો.

વીર થકી વર હું મળ્યો. શાને ધાર્યો સબંધ;
ગમનું કરશે ગોરી આજથી. બોલ્યું કે બંધ. સુણો.
વીશ્વાસે વળગી રહ્યો, નારી કર્યો મેં નીરાશ;
તન પાડું તપસા કરી. મુકો ભજવાની આશ. સુણો.
સંન્યાસી થાઉં સર્વથા. જાઉં અઘોર વંન;
આ હેમા કમંડળું હાથમાં. કરું હવે ઉદ્ધ મમન. સુણો.
નારી આશા નહીં રાખશે. જાઓ વીરને આવાસ.
સ્ત્રીનાં ચરીત્ર સૌ જાણીયાં. ઉપજે મન હુલાસ. સુણો.

(નારદ આવે છે) અરસ.

વીરનુ— રાગ લાવણી. (૫૪)

ગુરૂ મંત્ર આપો, નારદજી ગુરૂ;
સંસાર માયા કાચ સરીખી દુ:ખ સહુ કાપો. ટેક.
હવે થાઉં યોગી સંન્યાસી. જપુ જપ તપકાર;
સ્નેહના રાખુ તીરીઆ માંહે, કરૂં અલેખ પુકાર.
કરૂં અલેખ પુકાર. નારદજી ગુરૂ. સંસાર. ૧

લક્ષ્મીજી—(મનમાં) અરે આતો યોગી થવા બેઠા. તો એમના
વીના મારે સાધ્ધી મંથી. હશે જેમ થવાનું હશે તેમ
થશે. જો તેમના કહ્યા મુજબ નહીં કરૂં તો મારી શી
વલે થશે. સાહ સમજાવું.

રાગ. ભુપ કલ્યાણ. (અલેખ જગાકે) (૫૫)

સ્વામી મારા શીદ થાઓ યોગી. ટેક.
જાઉં વીર પાસે અતીરે હુલાસે. છોડો તુંબી હાથ છોરા ઘોથી. સ્વામી.
આનું પુછી આવુ વેગ વધાવું. ઘનસ્યામ ભામીનીના ભોગી. સ્વામી.

જુઓ હાથ જોડું. પતી પાય એડું, દાસી ચીનતીને ચરો ભોગી. સ્વામી.
સ્વામીનાથ હું પુછવાને સારૂ જાઉં છું રજા આપવી જોઇએ.
વીરનુ—જાઓ તમારી મરજી. (લક્ષ્મીજી જાયછે એટલે)
જો આટલો પ્રપંચ ન કર્યો હોત તો. એ પુછવાને સારૂ જાત પણ નહી ને જાળંધરનું મૃત્યુ પણ થાત નહીં. ને દેવોને સદાનો ત્રાસ રહેત હવે શું થાયછે. તે જોઇએ છીએ.
(જાય છે.)

अंक ५ मो.

प्रवेश १ लो.

સ્થળ—જાળંધરનું સીબીર.
पात्र—જાળંધર, ચોપદાર, પાછળથી લક્ષ્મીજી.
ચોપદાર—મહાન નૃપતી. બેન લક્ષ્મીજી મળવાને સારૂ આવે છે
(લક્ષ્મીજી આવેછે)
જાળંધર—આવવા દો.
(મળી બેઠીને બેઠા પછી)
લક્ષ્મીજી— રાગ. દેર દુહા. (૫૬)
જાળંધર વીરા. યુદ્ધ કરો છો શાને કારણ;
જાળંધર—સોહાગણ બેની. વેર બાંધ્યું છે રત્ન કાજ મેં. (૧)
લક્ષ્મીજી—વીરા મારા અમર સાથે, શીદ કરો વીખવાદ.
યુદ્ધને કાજે રત્ન શેના, કેમ, તુન ન વાધો તાત. જાળંધર
જાળંધર—નીર્મળ મતી, રાણા બહની, પુણ્યનું ચણી માન; (૨)
વેર તમારી જાણી જોઇ, રત્ન આપ્યા શ્રી ભગવાન. લક્ષ્મીજી
લક્ષ્મીજી—ચઢ છોડીને ઘેર પધારો, એવું, મારી માન; (૩)

મણ કહાવું હું કોની સાથે, તું છે તન મન ધન. જાળંધર.
જાળંધર—પીતાએ ટેક ધરી વિશ્નુને. આપી કંન્યા આજ; (૨)
પણ વેર વધાર્યું જાણી જોઇને અમર કેરે કાજ. સોહાગણ.
લક્ષ્મીજી—મણે દેવ ચેવડમાં ફરતા. જોતા તારો લ.ગ. [૨]
ત્રાસ પડે મુજ મનમાં વીરા. ઉડતો દેખું કાગ. જાળંધર.
જાળંધર—આવો મળવા કાજે એની. જેથી રાખું પ્યાર; (૨)
જીવતો ઝાલીશ બનેવી શને. લેઇશ રણનો પાર. સોહાગણ.
લક્ષ્મીજી—પીયર પનોતી તુજ વડને, આશા ગોરી વીર; (૨)
પાધર થાય પછેડી મારે, જેથીના રહુ ધીર. જાળંધર.
જાળંધર—કોટી બ્રંહ્મા કોટી વીશ્નુ. કોટી શીવ અપાર; (૨)
આવે અમર કહી એકે વારે. તોય ન પામું હાર. સોહાગણ.
લક્ષ્મીજીએક અમર રણમાં રોળેને. એક સીવ લે શીશ. (૨)
એક વીશ્નું બ્રહ્માંડ ઉગાડે. એમાં નહીં મીનમીશ. જાળંધર.
જાળંધર—મર્ણ સર્વને માથે છે. પણ બ્રહ્માંડ ચાલું બાથ. (૨)
મર્ણ શર્ણ મારે વરતે છે. તુજ ભાભી મુજ હાથ. સોહાગણ.
લક્ષ્મીજી—જય પામો વીરાજય થાઓ. પણ શંસય છે મંન (૨)
શા કારણથી હામ ધરોછો. શાથી ટળે વીઘંન. જાળંધર.
જાળંધર—ગુપ્ત વાત એની તમ આગે વદનો સાચી વાણ,
શીળ ન ચુકે ભાભી તારી, ત્યાં લગી નહીં કાંઇ હાણ. સોહાગણ.
લક્ષ્મીજી—સાચી લાગી પણ વીરા મારા. પડે નહીંજ પતીત. (૨)
સત્ય માલમ કેમ મુજને થાયે. વાત વીચાર હીત. જાળંધર.
જાળંધર—એની જોને આ પુસ્પ માળા. જ્યાં સુધી નહીં કરમાય. (૨)
ત્યાં સુધી સત્ય ન ચુકી જંદા, મૃત્યુ દુર પળાય. સોહાગણ.

લક્ષ્મીજી—પણ સાચવજો વીરા મારા, ભાભી કેરો ટેક (૨)
મારે વીરા પ્રાણુથી પ્યારા, અંધા ચક્ષુ એક. જાળંધર.
આપો રત્ન વીરા વાર લાગે, જાવું ગોલોક આજ (૨)
કુશળ સદાએ રાખે ઇશ્વર. રાખી તારી લાજ. જાળંધર.
જાળંધર—આશીષ માગુ પાએ લાગુ. એ ધરજો પ્યાર;
વળી આવજો કુશળ કહાવજો, ભાઇ કેરે દ્વાર. સોહામણુ.
(જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—વિસ્નુનું શીબીર.

પાત્ર—વીસ્નુ લક્ષ્મીજી.

(લક્ષ્મીજી આવીને કહે છે.)

લક્ષ્મીજી— રાગ લાવણી બીહાગ. (૫૭)

કરો આગ્ના અંગીકાર, ગઇ હું સ્વામી.
મુજ બંધવની સુણી વાત સુખ બહુ પામી. ટેક.
આવી ભગની જાણીને. માન અતીશે દીધું;
પછી વાત વીચારી, કહ્યું મેં મારૂં કીધું.
છે તમ પર મારે હેત, સ્વામી સુખ રાશી;
તમ દર્શન માને મમ વીરો મન કાશી.
લઇ સુરથી, રત્ન તમોને દેવા ચ્હાય;
મારે મુજ બંધવની કરો સ્વામી તમે સ્હાય.
જ્યાં સાચુ સગપણ, ત્યાં વીરોધ ન કીજે;
જળ પાએ તેને ભાવતાં ભોજન દીજે.

મળવા તેડે છે. સ્વામ બનેવી જાણી;
માટે સ્વીકારો અર્જ-હેત મન આણી.

વીરનુ— રાગ. સહર. (૫૮)

શું કારણ માટે મોકલ્યાં તમને રાણી;
મેં વરત્યું આજે મન. વાત સૌ જાણી.
મીઠું મુખ બાહેર અંતર રાણી કાતી;
નીચ નારી તારી જાત નથી લજાતી.
તુજ નારીને નીચ કર્મ, સ્વામી શું ધારી;
કરી વીરા સાથે હેત. નખાવે મારી.
વીરાની વાતો માની. મરાવા તાકે;
વનવાટે મુકે ચીત ચડાવી ચાકે.
રૂઠ અધમ નારી મુજ પાસેથી આ વાર;
ભલું તારૂં તેનું જો તેને દરબાર.
હવે સ્વામીનું શું કામ. ધરે મનમાંહે;
જત નારી મરજી રૂપ જવાયે જ્યાંહે.

(નાશવા માંડે છે. એટલે લક્ષ્મીજી પકડી લાવીને)

લક્ષ્મીજી— રાગ કાલીગડો. દેશી. (૫૯)

રીસાઓ નહીં પ્યારારે, (૨) ઓરા આવો મારારે. (ટેક)
વાત વીચારૂં હીતની. સાંભળો મારા સ્વાંમ;
વેરને માટે વારૂં છું, સ્વામી કર્યો છે કપટનું કામરે. રીસાઓ.
પાએ પડું ઓ અવીનાશી, કહું તમ સર્વે પ્રકાર;
રાજ રીસાવવું ના ઘટે એમ, અંતરના આધારરે. રીસાઓ.
પેરે પુછી વાત વીરોને. મૃત્યુ કેરી આજે;

વૃંદા સત્ય ન ચુકે ત્યાં સુધી, જરૂર રહે એની લાજરે. રીસાઓ.
પતીત માટે પુષ્પની માળા, બનાવી મારા શ્યામ.
હોસે આતમ પાસે આના, સિધ્યાં સઘળાં કામરે. રીસાગો.
હવે મન ગમતું સ્વામી મારા, કરો વીચારી કામ.
રજા આપોતો જાઉં હીયાંથી વૈકુંઠ કેરે ધામરે. રીસાગો.

વીશ્નુ— **રાગ તીલાનો મલાર.** (જાઊં જલદી) (૬૦)

પ્રીત સાચી તારી નરે. (ર)
બહુ મળ્યું આ કળા કરીને. કોણ પુછે તે પાર. પ્રીત. ટેક
આજ્ઞા પાળી પ્યારી મારી. સારી ધારી મન હોંશોને.
ધરમ સતીનો એમ જ શુંગે. હવે કરૂ અસુર સંહાર. પ્રીત.

લક્ષ્મીજી—હવે સ્વામીનાથ મને રજા આપો.

(જાય છે)

વીશ્નુ—હવે વૃંદાને છળવા માટે માહાદેવજીને મોકલું.

(જાય છે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—માહાદેવનું શરીર.

પાત્ર—માહાદેવ. વીશ્નુ. (વીશ્નુ આવેછે એટલે)

માહાદેવ—પધારીએ વીશ્વંભર.

વીશ્નુ— **રાગ (બેની જાતુ) એ** (૬૧)

શંભુ જાઓ વૃંદા પાસ. (૧)
સત્ય ચુકાવો કપટ કરીને, ધરજો. ધરજો કામ સમાસ. શંભુ.
છાનાં માલમ ન પડે કોઈ, કરજો. કરજો ભોગ વીલાસ. શંભુ.
સત્ય ડગીએ વીકળ થાતાં અસુર. અસુર થશે નાશ. શંભુ.

માહાદેવ— રાગ ચોપાઇ. (૬૨)

જાઓ જાઓ મધુ પુર વાટ. લેજો જાળંધરનો દાટ.
કરૂં ભામીની ભૃષ્ટજ એની, તમો ચીંતામાં ધરો તેની.
કરો આજ તમે સંગ્રામ, થઈ નૃપ જાઓ એને ધામ.

(જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—જાળંધરનું શીબીર.

પાત્ર—જાળંધર, નારદજી.

નારદ—(રસ્તા ઉપર) કે હવે લડાઈ કરાવવાનો નેમ પારવતીથી જાળંધરને આપીને કરાવવાનો ઠીક તાલ છે. માટે જાળંધર પાસે જાઉં. (આવે છે)

જાળંધર—માહારાજ પધારીએ.

રાગ ઓખાહરણની ચોપાઈ. (૬૩)

કોણ મુની નારદ ક્યાંથી આવ્યા. દેશ વીદેશની ખબર શું લાવ્યાં;
તમે હીતના સાથી છો મારા, કહો દેવ પડે કેવા વારા.

નારદજી— રાગ વણજારો. (૬૪)

શંભુ ગયા મધુપુર વાટ, વૃંદા સતીને છળવા માટ;
આવી કહેવા આવ્યો ધાઇ. માનો ખોટી કે ખરી ભાઇ.
નહીં ઘટે તમારો વાટ. શંભુ.
કરો કામ એવું અસુરેશ, ધારો શંભુ કેરો વેશ;
જાઓ ઉમયા વૃંદા સાટ. શંભુ.
કહેતાં સાચુ લાગે તો કરજો, હામ હોય તો પગલું ધરજો.

અગ ક્યાં બેસે પાટ. શભુ.

જાળંધર—બહુ સારૂ માહારાજ. જવાનો વીચાર કરૂં છું.

(નારદ જાયછે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—રસ્તો.

પાત્ર—જાળંધર.

જાળંધર— રાગ. ઐશ્વરજી છે અળગીરે. (૬૫)

જતરૂં વેગે કૈલાસેરે, છળુ ઉમેયાને આજે.
ધરૂં શીવ શંભુનુરે. રૂપ એવું રતી લાજે.
કરૂં કામ એ શીઘ્રજરે જેથી સરે સર્વ કામ.
પોઠી નદીને ભંગીરે, સાજ સાથે લેઉ તમામ.

(જાય છે)

રસ્તા ઉપર.

માહાદેવ જાળંધરના રૂપમાં—હવે યોગ્ય કર્મથી જવું જોઇએ. નહીંતો વૃંદા સતી શ્રાપ દે તો ભોગવવો પડે! તેથી એક દમ.

પ્રવેશ ૬ મો.

સ્થળ—વૃંદાનું મંદીર.

પાત્ર—વૃંદા. દાસી, પાછળથી જાળંધરના રૂપમાં માહાદેવ.

માહાદેવ. જાળંધરના રૂપમાં— રાગ ગજલ. (૬૬)

(ગણપતીનું માથું હાથમાં છે.)

પાણી લાવ પાણી લાવ, દાસી મુજ પાસ.
તરસથી પીડાઉછું, અંગે ઉઠી હુતાશ.

(દાશી દોડીને) વૃંદાને કહેછે.

નંદા દાસી— રાગ સદર. (૬૭)

આર્જ થાઓ સાવધાન, બાહાર આવ્યા કંથ.
તરસથી પીડાયછે, આવ્યા છે દુર પંથ.
જીની આવ્યા દેવ વૃંદ, લેઇ શીર હાથ.
હસ્તી બેઠા ચમર ઢોળે, દાસ ચાર સાથ.

વૃંદા— રાગ. સાખી. લાંબી. (૬૮)

જુઓ પરીક્ષા સ્વાગી કેરી. ન હોય પતી મુજ આજ અત્યારે.
હરીહર છની આતે એશું. કપટ અમર મન કોઇશું ધારે. જુઓ.

(આવે છે) ધ્યાનમાં જોતાં માહાદેવ જોઇને.

રાગ રામથી. (ભુલી ભમે છે.) (૬૯)

પ્રેમ પરીક્ષા આપની. કરી ખાંતેથી તાત.
પાછા પધારો મેહેલથી. શંભુછો સાક્ષાત. પ્રેમ. ૧
કેટલાંક કર્મ આવાં કર્યાં, છળી સતીઓ સમાજ.
આપ દેઇ બાળીભષ્મ કરૂં, પણ આવે ઉમયાની લાજ. પ્રે.

(માહાદેવ નાશી જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—જાળંધરનો એકાંત બાગ.

પાત્ર—પ્રધાન. જાળંધર. ચોબદાર (છડી બોલેછે)

જાળંધર—(આવીને પ્રધાન પ્રત્યે) અરે હું કૈલાસમાં પારવતીને છળવા ગયો. પણું મારો લાગ ફાવ્યો નહીં ને અપમાન પામ્યો.

રાગ લાવણી. (૯૦)

ઓળખીઓ મુજને ઉમયાએ. લીધો પાર માગે મનમાં.
શાપ દેવાને તત્પર થાતાં. નીકળી નાઠો શીબીરમાં.
યુધ્ધ વીના જીતાએ નહીં, અમર સાથ ભીડાને બાથ.
અમર તેત્રીશે હાર મનાવો. સેન્યા સઘળી લ્યોને સાથ.

પ્રવેશ ૮ મો.

સ્થળ—વીશ્નુનો સીબીર.

પાત્ર—મહાદેવ વીશ્નુ.

માહાદેવ— રાગ સાખી. (૯૧)

નહીં જીતાએ વૃંદા નારી. શાપ તણો ભય લાગે.
સતી ચીન્હ સૌ દર્શજ પામે. મુનીવર ત્યાંથી ભાગે.
હરી નહીં જાશોરે. વૃંદા સત્ય નહીં ચુકે. હરી. ૧

વીશ્નુ— રાગ. (મેહેલે પધારો.) (૯૨)

જાણેં વેગે મધુપુર વાટ., વૃંદા નારી છળવા માટે.
થાએ મનમાં અતી ઉચાટ. વૃંદા.
ધરી ભષ્મ કરૂં યોગી ઠાઠ. વૃંદા.
ભષ્મ ધરી યોગી બનું, રહું અઘોર વન.
હોંશ ધરીજે મનમાં. પુરી કરીને ટાળુ વીઘન. વૃંદા.
યુધ્ધ કરો રણમાં રહી. વેગે પીનાક પાણ.
થોડા દીવસ આવશું, છળી કાર્ય કરી સુજાણ. વૃંદા.
પાછા હટશોમાં વીભુ. લડજો અસુર સાથ.
જાતર સેં દુર દેખજો. જેને કળાઓ છે સો હાથ. વૃંદા.
(માટે મારા ફીકર નહીં કરતાં તમે યુધ્ધમાંથી પાછા હટશો નહીં.)

(જાય છે)

अंक ६ ठो.

प्रवेश १ लो.

स्थळ—મથુરાંમાં વૃંદાનો મેહેલ.

पात्र—વૃંદા. મેઘાવળી. દાસી.

વૃંદા--(સ્વપ્નું આવવાથી જાગીને પોતાની માને કહે છે)

રાગ. મરેઠી ચાલની સાખી. (૭૩)

માડી મારી દુખદ સ્વપ્નું, આવ્યું ભયંકર રાત.
કલપી કાળી રાત્રી દેખું. સ્વામીની થઇ વાત. ટેક.
સ્વાન સદનમાં રુદન પામે, બોલતા દેખું કાગ.
વૈભોગ સરવે ત્યાગી માડી. જાણું લીધો મેં ત્યાગ.
કાળાં વસ્ત્રને કાળી કંચુકી. કાળા દેખું અલંકાર.
શીર પર કેશ ન દેખું આજે, ગૃહ લાગે ભયંકાર.
રક્ત તણો વરસાદ પડે ને, અવની ઉજડ દેખું.
વરાડો ગગને લુંટવા કાઢી. સ્વપ્નાંતરમાં પેખું.
કંકુ કાજળ ચાંદલો દીસે. ધડ વીણ શીશ દેખાય.
કર વીના સાસરીઆમાંથી. કાઢી મુકી મને માય.
સ્વપ્નું દેખું હૃદય ફાટે. જીવ પાતાળે જાય.
કોણ કરમના ભાગે માડી. જરૂર જીવ નહીં જાય.

મેઘાવળી— **રાગ દક્ષણીલાવણી. (૭૪)**

એની માહરી, શીદ કરે કલ્પાંતરે (૨)
આવશે શ્યામ, પુરશે કામ. ધરને હામ, દુખ તમામ.
છોડી થાને શાંન્તરે. એની માહરી—

શીદ ધરે તું શોક; ત્યાગ તાશે કાળરે.
દેખાડી રીત, ખરી એ પ્રીત; કરશે જીત સ્વામી અજીત.
છોડજે મનની બ્રાંતરે. એની માહરી–

વૃંદા— **રાગ ગજલ. કલ્યાણ.** **(૭૫)**

માડી માહારી. જાઉ સ્વામી પાસ.
દેખી કાંન્ત થાઉં શાંન્ત મન અતી હુલાસ. ટેક.
સ્વામી સાથી જણનો મારે સ્વામી વીણુ સૌ શુન્ય.
સુખ સાધન આ જગમાં મારે, વૃથા સાધનો અન્ય. માડી
દેવ વૃદ સૌ કપટ કરીને મારે ધાર્યો દાવ.
પાસે રહી શીયળ વ્રત સાથે. ધરૂં કથ પરભાવ. માડી.
થઇ વ્યાકુળી દર્શણ વીણુ, માડી કંપે છે કાય.
પતી વીના આ સુનુ મંદાર મુજને ખાવા ધાય. માડી.
રજા આપોને માતા મારી. જાઉં રણ સંગ્રામ,
પતી દર્શન પાસે રહુ સાથે, જેથી વૈકુંઠ ધામ. માડી.

મેધાવતી— **ગીતી.** **(૭૬)**

પતી દર્શનનો લાવો, લઇને વહેલી આવે તું બેની.
સાથે તેડી લાવે, દાસી વાંછા રાખે છે જેની.
(જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—અઘોર જંગલ.

પાત્ર—વૃંદા. નંદા દાસી.

નંદા દાસી—બાઈ સાહેબ આ અઘોર વનમાં રસ્તો બીલકુલ માલમ પડતો નથી.

રૂક્ષ્ા— રાગ ભીમપલાસ. (૭૭)

અરર પ્રભુ આતો કોપ શો, વણ અપરાધે તાત,
અઘોર વનમાં આવી ચડી, એકલ અબળા જાત. અરર.
શેર સીંહને ત્રાડકાં. બોલે ઝાઝાં શિયાળ,
અજગર આ શીરે નાસતું. વાંદર દેછે ફાળ. અરર.
ધાડું જગલને કાંટા બહુ. દીસે રસ્તો ન સાર.
અશ્વ ચાલે નહીં મારગે, દેખું દુઃખ અપાર. અરર.
ઘુવડ બોલે રથ પર બમા. જરવી કકળે શીશ,
અત્યારે અથડી પડું, જુઓ ખાડી એ ચીશ. અરર.
હરણ વેલા વીંટાઇ ગયા, શાખ વળી ગુંથાઇ,
ફણીધર રાફડે ફુંકતા, સુણી હૃદય કમ્પાય. અરર.
મોગા સારડ સેકડા, ખેર બાબર ઝાડ,
એ આંચીના આણું આવીયા, માર્ગ રોકીને આડ. અરર.
શું રે ભૂલી કુંતા સત્યતા, ભૂલી દુનીઆની દીશ,
(કે) શા રે કારણ પ્રભુ દુઃખદ, કેમ અબળા પર રીશ. અરર
નથી ઉજાડીનાં ગામડાં, નથી છોડવ્યાં બાળ,
નથી કર્યા ઘોર પાપ મેં, આથી રૂઠો કાળ. અરર.
હવે પ્રભુ તારો આશરો, છોડી પતીએ આ નાર,
ક્યાંથી દયા પ્રભુ તુજને, થાય જુગદાધાર. અરર.

અરે દાશી—તૃષા લાગી છે, માટે પાણીની તપાસ કરી લઇ આવ. (જાય છે)

દાસી —(આવીને) રાગ વણજારો. (૭૮)

બાઇ અઘોર વન એક બાગ. જ્યાં વસે મુની મહા ભાગ, ટેક.

ખીલ્યાં તરૂવર ભાર અઢાર, તેના ફેરામાં ફળ ફુલ ઝાડ.
ખીલી મોગરા જુઈને સોહાગ. બાઇ.
ઝાઝાં ખીલ્યાં કમળનાં વૃંદ, લેછે મધુકર રૂડી મકરંદ.
વૃક્ષે વેલ વીંટાઇ જોઇ લાગ. બાઇ.
બોલે કોકીલાને ચકોર, ચકવા પોપટ મેના મોર,
મુની કરી રહ્યા યજ્ઞ યાગ. બાઇ.
રમે સીંહને સસલાં પાસે, શેર દેખી હરણ નહીં નાસે,
માટે પાવન ભૂમી મૂકી પાગ, બાઇ.
એવા મુનીશ્વર મહાસંત, સાથે શીષ્ય કરે એક સંત,
જાઇ દર્શન કાજે છે લાગ. બાઇ.
થાશે આપણું કામ ત્યાં સાચે, જો મુનીશ્વરજી રાચે,
એની જવાનો દીસે આ લાગ. બાઇ.

દુહા— રાગ સાખી. (૭૯)

ચાલો એની દર્શન કરીએ, મુનીશ્વરનાં આજ,
દર્શન કરીને માંગશું મુક્તી, જાઇએ આપણ કાજ,
એની ચાલો જઇએરે, કામ આપણું ત્યાં કરીએરે. એની.

(જાય છે)

प्रवेश ३ जो.

स्थल—બાગ.

पात्र—મુનીશ્વર, શીષ્ય, રંભા, નંદા.

(મુની સમાધીસ્ત છે)

રંભા—(શીષ્યને) મહારાજ વંદન કરૂંછું.

શીષ્ય—ચલ દુરખસ. (એમ કહી ચપટી વગાડે છે)
ધુંદા—માહારાજ આજ્ઞા હોયતો કાંઇક પુછવાનું છે.
શીષ્ય—ક્યાં કયા પુછના હે. જો પુછના હોવેશો પુછકે ચલ જા.
ધુંદા— રાગ ગજલ. (૮૦)

દેખું દીગંબર નાથ, એછ ભક્તીના ભોગી.
તપસ્વીની રીતી સદા, પાળે ગુરૂ યોગી. ૧ ટેક.
બોધ બતાવે કોઇનેકે, ધ્યાન ધરે મનમાં.
સદા સમાધી રાખે કે, જાગે કોઇ દીનમાં.
આત્મા ઉપાસી છે કે, ઇશને અનુરાગે.
સંસારી સુખ આપે કે. ઇશને અનુરાગે.
વંદા ગુરૂજી દાસીને; કરી દયા વૃતાંત.
સદા ગુરૂને જોઇને. થઇ રહીશું શાન્ત.

શીષ્ય— રાગ આશા ગોડી. (૮૧)

આત્મ વેત્તાએ યોગી, ચપળા. આત્મ વેત્તાએ યોગી. ટેક.
પત્નીનો પડછાયો ન લે કદી, છે ભષ્મીના ભોગી. ચપળા.
આભ થકી ઉતરીઆ પોતે, જનમારાના જોગી. ચપળી.
ધાકે ધ્રુજે કાળ કંદર્પો, સાધે યોગને યોગી. ચપળા.

હે ચપળા—જીસકે આધારસે ભૂદર ભાર ઉપાડતાહે, તન ધન તરૂણી. ઓર. મુક્તી. જો રીઝેતો દેવે ત્રીકાળસધ્યા હરરોજ સીંધુ કે તીર પર કરતે હે. એસે યોગી રાજ હે.

કટાવ. (૮૨)

આંખ ઉઘાડે, સાવજ પાડે, મણીધર વાડે. અઘોળ અંજન.
રાંધી પોતે, લોક જમાડે. ખરા બપોરે, તારા દેખાડે. રાતે દહાડે

તત્વ વેત્તા છે, ત્રીકાળ યોગી, બાળ્ડી ભોગી, કાળ ફરતો પક્કો નાસે, મૃત સજીવન વિદ્યા જાણે, જળ પર ચાલે મેરૂ માલે, તોડે તેતે, કીમીઓ જાણે. જલદી બાળે, મુઠ ચોટને, શસ્ત્ર ચોટને, મારે દોટમાં પાછી વાળે, એવા દીગંબર, ગુરૂજી જ્ઞાની, સોધી લેવા જી.

(આત્રીમ હરણુ પછવાડે પડેલા આત્રીમ સીંહ આશ્રમમાં આવી હરણુને મારી નાંખ્યુ જેથી મરતી વખત હરણે પાડેલી ચીશથી)

ગુરૂ—(સમાધીમાંથી જાગીને) અરે બચ્ચા એ કયા બકવા હોતાહે,

શિષ્ય—માહારાજ હરણુકુ સીંહને માર ડાલાહે. એસા એ દુષ્ટ
પ્રાણીકુ આપકી શર્મ બી નહી આઇ. ગુરૂજી.

ગુરૂજી—અરે દુષ્ટ હીંસીક જાનવર મેરે આશ્રમમે એસા અઘટીત કર્મ કીયા સો જલ કે ભસ્મ હોજા.

(વાઘ રાખનો ઢગલો થઈ જાય છુ)

ચેલો—માહારાજ એસા પવીત્ર સ્થાનમેં પાપ કર્મ હોના ચાહીએ. ગુરૂજી કૃપા કર કે સજીવન કરનેકી મેહેરબાની કરો તો અચ્છા. ગુરૂજી.

ગુરૂ—તેરા એસા બીચારા હોવેસો કમંડલ લ્યાવ.

(પાણી આણીઆપતાં છાંટે છે જેથી હરણને વાઘ સજીવન થઇ ચાલ્યાં જાય છે)

વૃંદા—(મનમાં) જો આ મુજબ. યોગી ઈશ્વર હશેતો મારા મનની વાત જાણ્યા વીના રેહેશે નહીં. એટલામાં.

ગુરૂ— રાગ ગજલ. (૮૩)

કોય રાય કેરી પુત્રી નામ છે વૃંદા.
કંથ કાજે આવી અત્રે સાધે છે નંદા.
શોક સદન છાઇ રહ્યો કહું યારે શું કામ.

આવી પૂછવાને કાજે, કયે ગયો સંગ્રામે.

વૃંદા— રાગ વૈદિક વણજારાનો, (૯૪)

કહો ગુરૂ ખોળો પાથરૂં, યોગેશ્વરરે. (૨)
તે દુ:ખે કરીને હું મરૂં. શ્રી જગદીશ્વરરે. (૨)
કહો એ કંથજી ક્યાં હશે. યોગેશ્વરરે. ટેક.
કહો વૃતાંત શીર ચરણે ધરૂં, શ્રી જગદીશ્વરરે.
જીતીને જશ કોણ પામશે, યોગેશ્વરરે. (૨)
મારી વેદના ક્યારે જાય, શ્રી જગદીશ્વરરે.
સુખી છે કે દુ:ખી નાથજી, યોગેશ્વરરે. (૨)
ખટ માસ દીવસ વહી જાય. શ્રી જગદીશ્વરરે,
ઘર સંધો આવો નથી, યોગેશ્વરરે. (૨)
નથી નાથનો આવ્યો પત્ર, શ્રી જગદીશ્વરરે,
ભોજન વેળા ભાવે નહીં, યોગેશ્વરરે. (૨)
કહો ખરો વૃતાંતજ અત્ર, શ્રી જગદીશ્વરરે,
કહો રણમાં કુશળ છે નાથજી યોગેશ્વરરે. (૨)
મુને મળવાનો કહો પંથ, શ્રી જદીશ્વરરે,
ક્યારે આવે રણ જીતી ને, યોગેશ્વરરે. (૨)
જય થાશે કે પડશે વીધન, શ્રી જગદીશ્વરરે,

ગુરૂ—(માથું હલાવે છે.)

વૃંદા— રાગ (છોડી બસનકી) (૯૫)

ગુરૂ કૃપા કરી (૨) કેમ નીરખ કરો દાસીને. ટેક.
રણને વીશે શું નીપન્યું, તે કહો મુજને વૃતાંત,
હવે જીવ મારો તલપે સુણી કંથનું ના થાઉં શાન્ત. ગુરુ.

શું વેર વાળ્યું વીશ્વભર, નવ ગૃહે આવીને નડીઆ,
સંસારીઆ બાજી રમતાં, પાબાર ખાલી પડીયા. શુર.

ગુરૂ— રાગ સંદર. (૯૬)

સુણું વૃંદા સતી (૨) થઈ પર સ્વાધીન નારીનું. ટેક,
કાળજે મારે કરે આજે, દેખી તુજને રડતી,
તુજ કંથનું મૃત્યુ કહેવા, હીંમ નથી ઉપડતી. સુણ.
ઈંદ્ર ચંદ્ર ત્રી રૂપ તેત્રીસે, મળ્યા એકઠા જાણું.
કેમ છોડે એ તુજ સ્વામીને, નીશ્ચે લીધા પ્રાણું. સુણ.
એક ફેર ચડ્યા તેત્રીસે, વીશ્નુએ કપટજ કીધું.
ચક્ર મારીને શીર છેદીયું, રત્ન તાહરૂં લીધું. સુણ.
કડકા કરીઆ તે દેખું છું, સાચી કહું છું વાત,
કંથ તાહરો કેરી આજે, દેવે કીધી ઘાત. સુણ.

વૃંદા—ગુરૂ કળ નથી પડતી મુજને, દયા દીન પર લાવો,
રણે પડીયા મુજ સ્વામી તેનું, શબ મુજને દરસાવો. ગુરૂ.

(ગુરૂ પોટી સંભાળી ચડાવી વાયુનો રોધ કરે છે. એટલે કત્રીમ જાળંધરનું શબ આવીને પડે છે. વૃંદા મુરછા ખાઈ પૃથ્વી પડે છે અને થોડીવારે જાગૃત થઈને)

વૃંદા— રાગ લલીત છંદ. (૯૭)

અરર નાથજી, આ શુરે કર્યું, સૌભાગ્ય માહરૂં સર્વે સુખ હર્યું,
રોવા રાનમાં મુકીને ગયા, અરર નાથજી, કેમ નાખી દયા. ૧
વ્હાલા તમ વીના, વેરી સૌ થશે, સુની નજરી, રેન કેમ જશે.
કોને આશરે, મુકી નારરે, અરર નાથજી, પ્રાણ આધારરે. ૨
અબોલા કેમ થયા, રાજ રીસ ઈને, કેમ સતાવીયા લાજ લુંટાવીને.

જગતમાં જાણ્યું. કરીશું કેરરે, અરર નાથજી, ન્હોતું વેરરે. ૩
ગામ ગોંદરાં, ન્હોતાં બાગીચાં, બાંધ્યાં બારણાં, કેમ લાગીયાં.
પીયુ વીના ખરે, આવે આજારે, અરર નાથજી પ્રીતી પાળરે. ૪
અઘોર જંગમાં, કોને આશરે, મૂકી નારને, કરી નિરાશરે,
ધરીને ધ્યાનમાં, શું બેઠા પતી, પુરૂષ મનમાં, દયા નહીં રતી. ૫
બોલો બોલોને, સ્યામ બાહરા. હસીને બોલોને, દાસીશું જરા,
અરર કંથજી, સુખ સોહાગીયા, પરમ પ્રેમના, ભાવી ભોગીયા. ૬
જરા ન ચાલતુ, મુજ વીના કદી, અરર અવળીઆ, શું વ્હેશે નદી
કોટીં રત્નના, હાર કરાવીઆ, તેતો આ સમે, પતિ ઉતરાવિઆ. ૭
સતી સોહાગણી, કીર્તીતો ગઈ, વિધવા નારશું, આ સમે થઈ.
અરર હાયરે, હાયરે અરે, અરર કંથજી, ઓહરે હરે. ૮

(રાગ. પિતાજી આ કોપ.) (૮૮)

પીયુજી ક્યાંરે પધાર્યા તમો. કોને શર્ણ મુકી આ નારી અમો,
કહ્યું પતી કોઈનું ના ધરતા કાન, નાખી નાઠા સ્યામ સુંદર આ રાન.
રડવડતી મુજને કરી ક્યાં જશો, જુઠું સ્વપ્ન કે પતી ખરેખર હશો.
ખુંચતીની સેજડી સુંવાળી, નથી બોલતા કેમ ચક્ષુ ઢાળી.
પતી વીના કોને શર્ણ રહું આજ, સતી તણી કેમ રહે હવે લાજ.
ન્યાઈ નાથ નગ્ર ક્યાં વસાવીયું, અચાનક આ તેડું શું આવીયું.
વ્હાલા હતા વાકટ સમાની વ્હાર, હવે કેમ અબોલા અંતરના આધાર

ધુંદા— રાગ, (ઓધવજી સંદેશો) (૮૯)

આરો કોપ અચાનક કીધો કંથજી,
રાન રખડતી મૂકી અબળા નારજો;
આશ્રય કોનો આ ભવમાં મારે રહ્યો,

સાથે તેડો મારા પ્રાણાધારને જો. આશો કોપ.
દાસી વીના નહી આપ કદાપી ભાળીયું,
એકલું સુરા કેમ પણ ફંગાળજો;
દૈવ કષ્ટ હું રૂપીને ફોડી આંખીએ,
પંખ વગરું મરી બાપ્યું આ જાળજો. આશો કોપ.
વિશ્વાસે વળગી રહી દાસી દામણી,
અણુધારી શું કરી, મૂકી પતી હીનજો;
આજ સુધી નથી રાખી કાંઈક અંતરા,
આખર વેળા રાખી પતી તજે ભીનજો. આશો કોપ.
કુસુમ જેવી કાયા ઉપર આ બાળીયા,
સુખોયા થાતાં ઝુંઝે જીણું વાળજો;
તે નર સુતા અવળે મૂખે સાથરે,
દેખી અંગો ઉઠે અગ્ની ઝાળજો. આશો કોપ.
(મહારાજ મારા પતી સાથે સહગમન કરતાં વાર થાય છે. માટે થોડી આગ આપવી જોઈએ.
ગુરૂ—ઈસ બાગમેં જો મુડદા જલાવા તો દો બડી માઈગા.
વૃંદા—ધારે ફુટતો અળકંપતો શોચજી,
રણ ખીલે રહી શોક આખતા દેખજો;
ઉપ જવાં કોઇ સાથ રહ્યું નહીં આવશે,
આશી દયા કરી સ્વામી મારા સેવજો. આશો કોપ.
હે ઈશ્વર શું આવી કર્યું નહીં મનમાં,
કરીયું આવું આજે અમડીત અમજો;
પણ મુજ કર્મ દુખ આપવાને થયું,

માટે હવે તો લેવું મેકું સામજો. આસો કોપ.

(માહારાજ દેવતા ને આપીકે વો સ્વામીની સેવા કરવા જવાને વાર થાય છે. માટે ખાણીને જખમ કરે. એટલે ખસ.)

ગુરૂ—કાયકું એસા કરતી હો કહેતો ખંખ બનાદેઉં! વ્યાઘ બનાદેઉં, પુત્ર બનાદેઉં, જલાદેઉં, ધીધુમેં ડાલદેઉં, અમરાસનમેં ડાલદેઉં.

વૃંદા— રાગ ગીતિ. (૯૦)

સુખ સાધન ના જોઇએ, ના જોઇએ કોઈ અમ તણો પંથ.
સુરજી કૃપા કરીને, જીવતો મારો કરો તમે કંથ. ૧
કંથ વીના સુખ સાધન, મારે મન તો દુઃખદ છે આજે;
ભવ ભૂલી પડી મારે, દાસીને ઘો જીવત દાન કાજે. ૨

ગુરૂ—ક્યા હમ કુછ પ્રભુ હે?

વૃંદા—માહારાજ જે સમે મૃગને જીવતો કર્યો ત્યારથી મારો આપના ઉપર ભરોંસો છે, માટે કૃપા કરવી જોઇએ.

શીષ્ય—માહારાજ ઉસકા બીલાપ સુનકે મેરેકું દયા આતીહે.

ગુરૂ—હાંતેરી મરજી હોવે સો કમંડલુ લ્યાવ.

(લાવી આપેછે. ને ગુરૂ છાંટે છે. એટલે કરીમ જાળંધર ભેઠો થઇ જાય છે. મતલબકે, જે વીષ્ણુ યોગીના સ્વરૂપમાં સાધુ થઇ બેઠા છે તે કરીમ જાળંધરના ખોળીઆમાં પ્રવેશ કરેછે તે.)

કરીમ જાળંધર— રાગ ગઝલ. (૯૧)

મારો મારો મારો દેવ વૃંદને અહીં;
શું જુઓ સંગ્રામમાં જીતી જશે કહીં;
લાવ અસી લાવ બાણ લાવ ઢાલને,

મારી ચોકસ્ત્રન ખેર્ક વ્યર્થ જાણે.

દુહા— રાગ સહર. (૯૨)

અસ્ત્ર ભ્રામી શું વહે નથી અહીં સંગ્રામ;
શું ઘેલછા ધારો મને કે છોડો મંન ભ્રમ.
દેવ નહીં, વૃંદ નહીં, નહીંજ રણનું ક્ષેત્ર,
આ રમ્ય ભૂમી મુનીની જુઓ ઉઘાડી નેત્ર.

કજગજંઘર—રાગ લાવણી. (૯૩) (રાવણકું સમજાતી.)
ધીક ધીક શત્રકેપકી ધીક્કાર, અરણ્ય કેમ આવી છે તું નાર.
છોડયું તેં નીમ અરે ગુમાર, હવે શો દેવું તુને ધીક્કાર.
શરમ નહીં મંન ધરે લગાર, રહી એકલ કોને આધાર.
સ્ત્રી બુદ્ધી પાનીએ નીચ તું શોદ કરે વીચાર;
અલ્પ મતી તુજ આશ્ચએ હું લડતો વારવાર;
દેખ્યો નહીં સ્ત્રી વીશ્વાસે સાર. અરણ્ય કેમ. ૧
વદેછે શાસ્ત્ર સારે આ વાત. કરે સ્ત્રી નકી પ્રાણઘાત;
કદી નહીં જુએ ન્યાતને જાત. નારી મારે આખરપર લાત.
મુજને કાઢી રણ સંગ્રામે કરવા ધારે જાર,
નામ યોગીનું કહીને આવી લીધો એકજ વાર;
તકે તું મુજ મારું નીરધાર. અરણ્ય કેમ. ૨

દુહા— રાગ વણજારો. (૯૪)
શોદ કોપે કરો પતી મારા, તમે પ્રાણ થકી છો પ્યારા. ટેક.
સ્વામી સંપ કુએ કેમ આજે, કેમ રહે છું પર સતી લાજે.
મેલી ધારો વીચાર નઠારો. તમે. ૧
સ્વામી સ્વપ્ન દીઠું મધરાતે. દીઠું અખીર કુંભ મેં જાતે.
લાગ્યું. અર્પણ કાજે જાવધારી તમે. ૨

આવી મુનીશ્વરને ધામ, જ્યાં સીધ્યાં મુજ મનનાં કામ.
સ્વામી દુઃખ દેખ્યુ પારઃ વારા. તમે. ૩
સ્વામી દેહના કડકા દેખી, રોતી બેઠી સ્વામી મુખ પેખી;
આવી દયા શ્રી જગદાધારા. તમે. ૪
સ્વામી જીવતા કીધા તમમે, જેથી સર્વ રત્ન સુખ અમને;
નહીં ધારો તર્ક મન ન્યારા. તમે. ૫

વૃંદા— રાગ સારંગની ઝકડીઓ. (૯૯)

સ્વામી મારા સલક્ષણા, પ્રીતથી પધારો ઘેરજી;
તેત્રીસ કોટી ત્રણુ દેવશું, શાનો ધારોછો વેરજી.
રણુ નહીં જવા દેઉં નાથજી.

જાળંધરકહ—ચૌદ રતને મારો આવશી, ત્યારે આવશું અવાસજી;
તુજ સત્ય જ્યાં સુધી કબજ છે. નહીં આવે મૃત્યુ વાસજી.
રોકો નહીં પ્રીયા માહરી.

વૃંદા—સુખ રૂપ સાધન માહરે, પતી રત્ન હજારજી.
સોહાગ્ય મારૂં સર્વદા રહે, જેથી તરવું છે પારજી. રણુનહીં.

કજાળંધર—વેર વધાર્યું છે દેવશું, હવે મુકું કેમ રોશજી;
બ્યંડળ બીકણુ દુનીયાં વદે, લાગે શુરપર દોષજી. રોકોનહીં.

વૃંદા—કોટી બ્રહ્માંડ તુટી પડે, જાએ અવની પાતાળજી.
નામ ન ધો જાવા તણું, ઉપજે અંગ અગ્ની ઝવાળજી. રણુનહીં.

કજાળંધર—શાને કાજે પ્રીયા માહરી, કરે મન કલપાંતજી;
મરવું છે એકવાર માહરે, આવે સરવેનો અંતજી, રોકોનહીં.

વૃંદા—સત્ય ચુકું નહીં સર્વથા, કાઢું નહીં પતી દુરજી.
સુખ સાગર છે સૌ માહરે, પતી કાક રત્ન નુરજી. રણુનહીં.

કજ્જાળધર—ક્ષત્રીવટને લાંછન ધરે, એવો કોણ મતી હીણજી;
તોડયો સંગ્રામે રતન કાજમે થાને કેર મુને બીનજી. રેકોનહી.
વૃંદા—અવળાવાળી સ્વામી ચોડીલા, નીશ્ચે કોદુ હુ પ્રાણજી;
સ્વામી વીનાં મે દુઃખી રહું, સત્ય વદુ મુખ વાણજી. રજુનહી.
કજ્જાળધર—શીદ કલ્પાંત કરે નારી તું, આવું એકવાર આવાસજી.
પછીરે બાંધીશ મુને મંદીરમાં, કરું દેવ વૃંદ નાશજી;
આવો પ્રીયા આજ આવાસમાં.
(બાગ અલોપ થઈ જાય છે. ને વીશ્નુ જાળધરના રૂપમાં મથુરાં)
(જાયછે)

अंक ७ मो.

प्रवेश १ लो.

स्थळ—સંગ્રામ ભૂમી—જાળધરનું સીબીર.

पात्र—જાળધર.

જાળધર— રાગ ભેરવી. (હમજાતે) (૯૬)

માહા સુકન થાયે આજે, સંગ્રામે જતાં મુજને;
શું થવાનું થાયે આજે, સંગ્રામે.
રથ પર કેમ ભમે ગીધીઓ, ફરકે ડાબું અંગ એ;
બોલે કાગ શુકન માહા, નથી પડતી કાંઈ સુજને. માહા.
અશ્વ મારા રડતા દેખું, શરીરમાં શુધી ને પેખું;
કરમાંથી પડતાં શરો, આવે રોજ શું મુજને. માહા.
શું મુકી વૃંદા સતી, સત્ય આજ શું હરી મતી;
શું મળ્યું આવ્યું દુ:ખ, શું મારશે દેવ મુજને. માહા.

જનમ્યું તે સર્વે જસે, જે હોનારૂં તે સૌ થશે;
કેમ ખેદ ધારૂં મનમાં, જાઉં સંગ્રામે નમી ઈશને. ગાઢા.

ચોબદાર. પ્રધાનને બોલાવી લાવ. (પ્રધાન આવેછે હોટસે).

જાળંધર— રાગ. કાફીગડા. (હારીછે વરસ). (૯૭)

સાવધાન કરો સૈન્ય મારા પ્યારા સચીવ;
પ્યારા સચીવ મારા વ્હાલા સચીવ. સાવધાન. ટેક.
શુકન માઠા થાએ આજ મુજને, શું રે થશે હાય અરે ઈશ થીવ. સાવધાન.
યુધ્ધે ચઢી દેવ વૃંદ વીડારો, નવ કરો વ્હાલા ભાઈ ઓ ઢીલ. સાવધાન.
છેલો દીવસ જાણી પાછા ન હઠશો, કરો ઘોર યુદ્ધ પ્રેમ બળશું
અતીવ. સાવધાન.

પ્રવેશ ૨ જો,

સ્થળ—સંગ્રામ ભૂમી.

पात्र—જાળંધર. માહાદેવ. પ્રધાન. બેઉ બાજુના સૈનીકો.

જાળંધર રાગ. લાવણી. લંગડી. (૯૮)

સુણો સીવજી કરૂં વીનંતી, આજ યુદ્ધ છેલું જાણો;
રણમાં રહીને રહીને સરવ શુરને પરમાણો. રણમાંરહીને.
ચાર વખ્ત હારીને નાઠા, વખ્ત પાંચમો આવ્યો સંગ.
કાંતો મારી મારીને સુખે બાંધો રણ રંગ. કાંતો મારી.
કાંતો મુકજો આશા પારવતી, મળવાની મન રાખી જરા;
હવે ન પાછો. ન પાછો, હઠું ફરી પગ રેજ ધરા. હવે ન પાછો.
મુકો શસ્ત્ર પેહેલું ઇશ જાણી, કરૂં નમન સુખે સમજો;
ધર્મ રીતનું—રીતનું યુદ્ધ કરે રહેશે લાજ. ધર્મરીતનું.

મહાદેવ— [illegible] (૯૯)

અરે મદાંધી શીદ આવ્યો રણમાં,
કાળજ ખુટ્યું નથી નક્કી તું મનમાં;
અરે અભાગી શીદ શર્ણું આવ્યો;
રણ અસુર તેં [illegible] હાર્યો [illegible].
મૃત્યુ [illegible] આજ અવનીશ આયુ,
સમજો ને મનમાં [illegible] આવ્યું;
કઈ [illegible] શર્ણ [illegible]
લેઈશ તારો જીવ નીશ્ચે આજે;

એમ કહી પશુ પતાકા છોડે છે તેને જોઈને—

જાળંધર— રાગ. ગજલ. (૧૦૦)

અરરર હાય મારગે પશુ પતાક આજ,
શુકન ભાવ [illegible] જેથી નીબળાં છે [illegible]
શું [illegible] મત [illegible] કાળ,
અરરર હાય જાય કરમાય ફુલ આજ.
[illegible] સત્ય [illegible] સતી [illegible],
મરાણીઓ આ [illegible] કરી પ્રીતેથી [illegible];
હાય હાય [illegible] હૃદયમાં આવે,
અરર [illegible] અરરર [illegible] આરે.

(એટલે તે મૃત્યુ પામ્યો [illegible])

—:*:—

अंक ८ मो.

प्रवेश १ लो.

स्थळ—વૃંદાનો મેહેલ.

पात्र—વૃંદા. નંદા દાસી. ક્રૃ. જાળંધર—

ક૦જાળંધર.— રાગ ગજલ (બીહાગ.) (૧૦૧)

કેમ ઉભી તું દૂર પ્યારી, આવ મારી પાસ;
તુજ વીયોગે પ્યારી મારી, ઉપજે અંગ હુતાશ. કેમ. ટેક.
મનોરમા હું છું જાળંધર, માનજે તું સત્ય;
સર્વ કર્મ મેં આદર્યાં તે, જોવાં તેં પ્રત્યક્ષ. કેમ,
અર્ધાંગા તું માહરી, મન ખેદ શીર કરે;
તર્ક ખોટા તુજ મન પ્યારી, શીદને ધરે. કેમ.
પ્રીતે જાવા રણ સંગ્રામે, જાવા દીધો નહીં;
તુજ વશ થાતાં પ્યારી મારી, સર્વ સીદ્ધી અહીં. કેમ.

વૃંદા— રાગ (સદારહો પાસ) (૧૦૨)

નથી કાંઇ દૂર પ્યારા, નથી. (૨)
પ્રીતમ ઉભી છું પાસે, નથી કાંઇ દૂર. ટેક.
પણ સત્ય વદુ સ્વામી, સાચી માનો પેર સ્વામી. (૨)
નથી સ્વામી જાર બુદ્ધી. નથી કાંઇ વેર. નથી ૧
પણ મારો પુજ્ય પતી, ઉદધીનો તંન. સ્વામી. (૨)
તે વીના સૌ અન્ય મારે માતા પીતા મંન. નથી. ૨.
અવર જો દેવ યક્ષ કીનર જો હો. સ્વામી. (૨)
છોડાવવા સત્યને કદાપી આવ્યા હો. નથી. ૩

તોનો પીતા માતા સર્વ આપનો ખરે. સ્વામી. (૨) —
પુરૂષ પતી જાણી દાસી સંગ આ કરે. નથી ૪
અન્તર કો આવી છળ કપટ કરી. સ્વામી (૨)
નાથ મૃત્યુ પામે જેથી સ્વામી હું ડરી. નથી ૫
માટે વૃંદા સાચુ કોણ, શંકા હરૂં સ્વામી, (૨)
ધારી હોંશ સેજપરે પગ હું ધરૂં. નથી ૬

ક૦ જાળંધર—અરે પ્રીયા હું જાળંધરજ છું. શા માટે શંકા કરેછે.

(વિશ્વાસથી વૃંદા કત્રીમ જાળંધરની સેજ ઉપર પગ મુકે છે. એટલે જાળંધરનું માથુ ને હસ્ત આવી પાસે પડે છે તેને જોઇને.)

વૃંદા— રાગ લલીતછંદ. (૧૦૩)

અરર કોપ શો, આ શું રે પડયું, અરર પાપીનું પાપ આ નડયું,
અરર નાથજી, શું થયું ખરે, પ્રીય પતી તણું, શીર આ ખરે.
દુષ્ટ નારી હું જારીણી થઇ, આખર પર પતી; માનીએ ગઇ.
રે અભાગણી, નારી હું ઠરી, મરાવીયો પતી, મેં હાથે કરી.
જાજ સુખને, માટે આદર્યું, જન્મનું સદા, સુખ મેં હર્યું.
કોડ વર્ષનો આયુ તોડીયો, વીશ્વાઘાતનો, ભાર જોડીયો.
ધીક ધીક મુને, ધીક કામને, હણીયાં હાથે મેં, સુખ ધામને.
દીપક લેઇને, હું કુવે પડી, વર્ષ વીતીયાં, ના જડી ઘડી.
અરર નાથજી, શું રીસાવીયા, ક્રુર કર્મના, ઘાવ લાગીયા.
વીશ્વાસ તો કર્યો, પૂર્ણ પ્યારથી, નાશ સમ થઇ રહ્યા દેવ મારથી.
વાંક મારો, આપનો નથી, અરર નાથજી શું કહું કશી;
જાર કર્મનો, પૂર્ણ ઘટ થયો, અરર સેજથી પાપી ક્યાં ગયો.

(વીશ્નુ ચતુર્ભુજ સ્વરૂપથી પાસે ઉભા રહ્યા છે તેમને.)

ધૂંદા— રાગ (ક્ષત્રી કલ્યાણ કમોદ) ૨૦૪

ધીક ધીક કીધું કપટ મોસરી, કપટી કામણ કેર કર્યો.
છળ કરી છેતરી તેં અનેક નારી. કપટી.
નહીં સમજી હું તુજ તણા ફંદ, કપટી.
સ્વામી મરાવીને પામ્યો આનંદ. કપટી.
પાપી વ્યભીચારી ન્હોતું કાંઈ મેર, કપટી.
નાર છેતરીને પેઠો મેરે ઘેર. કપટી.
મારું વ્રત ભંગ કીધું તેં આહીર, કપટી.
ધરી છેક સુરી પાપ મની ધીર. કપટી.
નથી પડીયા તું શીર ઘણી શાપ, કપટી.
હવે પૂર્ણ ભરાયો ઘટ આપ. કપટી.
પર નારી માટે જડમતી ધારી, કપટી.
મારે હાથે તેં નખાવ્યો પતી મારી. કપટી.
રણે ઠરી પાપી આવ્યો પાછો ભાગે, કપટી.
નિશ્ચે થાજો જડરૂપ શાપ લાગે. કપટી.
નારી મન હર્ખ્યું કીધું અવકાશે, કપટી.
મારે તુજ નારી હરણજ થાશે. કપટી.

વીરનુ— રાગ સદર. (૧૦૫)

ઝટપટ જોબાં બંધ કર નારી. સતી સતીત્વ કેમ છોડ્યું રે.
જાણી જોઈને કસુર કાઢે મારી, સતી.
પાપી કુમતી તું સ્વામી દેતો દુઃખ, સતી.
ઇંદ્ર આદી દેવતાને ન્હોતું સુખ. સતી.
માર્યા હશે એમાં પાપ કે છે મુનને, સતી.

કેમ પતીત વીચારે નારી તુજને. સતી.
દેવ લોકના જે ભુખી રીપું હોય, સતી.
નહીં ઠામ રહેવા કેરૂં કદી કોય. સતી.
નારી નીંદાથીજે ગુન્હેગાર પાર્યો, સતી.
દેવ રીપુ યશો માટે ઘણો માર્યો, સતી.
આળ ચડાવીને દીધો મુને શાપ. સતી.
હવે પ્રગટ થયાં છે નારી આપ. સતી.
જડ પાર્યો મુને, શાપ આપી જ્યાંય. સતી.
માટે કાષ્ટ થજે નારી વન માંહ, સતી.
લાગે શાપ નહી પાર મન નારી. સતી.
એમાં કસુર નહીં જરાએ મારી. સતી.

વૃંદા— રાગ ગજલ. ભેરવી. (૧૦૬)

પ્રભુ મારા—જુઓને વીચારી. (૨)

શો અપરાધ મારો સ્વામી વીચારો. દઇ શાપ મુજને નાખ્યો બાર
ભારી. પ્રભુ મારા.
છળ કપટે કરી ભોગવી મુજને, વ્રત છોડાવ્યું પ્રભુ થઇ હીતકારી.
પ્રભુ મારા.
શાપ આ મુજને દીધો શાને, શાપ કર્યો અંગીકાર આ નારી. પ્રભુ.
શાપ વીમુકત કરૂં છું તમારો, થાજો શાલીગ્રામ પ્રભુ ગંડકીમાં
ન્યારી. પ્રભુ મારા.

નીશનુ— રાગ ભેરવી, તાલ ચાલતી. (૧૦૭)

સુણ વૃંદા થઇ તું મુજ પ્યારી, સુખ ભોગવને આ સંસારી;
તુજ વચન ધર્યાં મેં પ્રીત ધારી, હવે શાને રોશ ધરે ભારી. સુણ.
સુખ રોજ તણું ભોગવ્યું ભારી, થઇ પ્રીત મને તું હીતકારી;

મુજ શાપ કર્યો વીમુખ નારી, તો તુજ આપો દેઉં વીકારી. સુણ.
તું થાજે વન તુળશી નારી, હું લેઉં શીરે તુજને ધારી;
તુજ વીણ અન્ન જ નહીં શ્રેયકારી, એમ સમજ સમજ મન તું પ્યારી. સુ.
તુજ વીણ મુજને ન ગમેજ ઘડી, તુજ પ્યાર રહ્યો મુજ મન જડી;
નહીં આદ્ય ધાર તુનેજ પડી, સૌ નારીમાં તું છે પ્યારી. સુણ.

(જાય છે.)

સમાપ્ત.

સર્વે પાત્રો— રાગ કલ્યાણની ગજલ. (૧૦૮)

આર્ય સજનો, સાંભળજો તમે;
ખેલ પૂર્ણ ભજવી આજ જાઇએ અમે. ટેક.

જાળંધરને વૃંદા કેરો, ખેલ રચ્યો ખુબ ખાસ;
જાળંધર મારીને આપ્યો; વૃંદા થયું નીરાસ. આર્ય.
તેત્રીસોનું દુઃખ ટાળીયું, માર્યો ધારી દાવ;
માની તુળશી મનથી પ્યારી, આખર લાવ્યા ભાવ. આર્ય.
એવા ઇશ્વરના ગુણ ગાતાં, નહીં પ્રાએ કાંઇ હાણ;
કથા જાળંધર વૃંદા કેરી, કહી છે પદ્મ પુરાણ. આર્ય.
શ્રંગાર હાસ્ય ને વીર કરૂણા, કેરા રસના ભોગ;
વીષયરૂપો અગણીત આવ્યાં, લેજો સમજી યોગ. આર્ય.
અન્ય સમયે કુટુંબ સાથે, આવી દ્યો દરશન;
નીતી રીતી સદાચરણ પર, રાખો પુરણ મંન. આર્ય.
કાવ્ય કરંતાં ભુલ ચુકની, માફી આપો આજ;
પુરૂષોતમ કરજોડી કેહે છે, ઇશ્વર રાખે લાજ. આર્ય.